Saturday, 05 July 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૧૭૪ ● સંવત-૨૦૮૧ અષાઢ સુદ દશમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD




### સંઘપ્રદેશની શિક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિઃ પડોશી રાજ્ય ગુજરાત અને મહારાષ્ટ્રને પણ પાછળ છોડી રાષ્ટ્રીય સ્તર ઉપર કરેલું શાનદાર પ્રદર્શન

# રાષ્ટ્રીય શિક્ષણ સર્વેક્ષણ ‘પરખ’-૨૦૨૪માં દાનહ અને દમણ-દીવનો દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પાંચમો નંબર



### ૨૦૨૧માં કરાયેલા સર્વેમાં દાનહનો ૩૭મો અને દમણ-દીવના ૩૧મા નંબરથી ૨૦૨૪ના સર્વેક્ષણમાં પ્રદેશે શૈક્ષણિક સુધારણામાં કરેલી ઉત્કૃષ્ટ ક્રાંતિ

**સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલે પોતાની દીર્ઘદૃષ્ટિથી પ્રદેશની શિક્ષણ વ્યવસ્થાને ઉત્કૃષ્ટ કરવા માટે ફક્ત અદ્યતન ભૌતિક સુવિધા જ નથી ઉપલબ્ધ કરાવી, પરંતુ શિક્ષણની ગુણવત્તામાં પણ નિરંતર સુધારા માટે બતાવેલી પ્રતિબધ્ધતાના કારણે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્તર ઉપર છેલ્લા બે વર્ષથી બોર્ડ પરિણામમાં ઐતિહાસિક પ્રદર્શનની સાથે સાથે હવે ‘પરખ’ રાષ્ટ્રીય શિક્ષા સર્વેક્ષણ-૨૦૨૪માં પણ રેકોર્ડ ૨૫ નંબરોના સુધારા કૂદકા સાથે દેશમાં પાંચમો નંબર પ્રાપ્ત કરતા પ્રદેશના શિક્ષણ આલમે પ્રશાસક પ્રત્યે પ્રગટ કરેલી આભાર અને કૃતજ્ઞતાની લાગણી**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૪**

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સ્તર ઉપર કરવામાં આવેલા શિક્ષણ સર્વેક્ષણમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવનો સમગ્ર ભારત દેશના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પાંચમો નંબર આવતાં સંઘપ્રદેશ પ્રશાસન દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરાયેલી નવતર પહેલો ઉપર મહોર લાગી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા શિક્ષણના ગતિશીલ પરિદૃશ્યમાં વિકાસ અને નવાચાર(ઈનોવેશન)ને પ્રોત્સાહન આપવા માટે વિદ્યાર્થીઓના પ્રદર્શનને સમજવા દર ત્રણ વર્ષે રાષ્ટ્રીય સ્તર ઉપર શિક્ષણ સર્વેક્ષણ કરવામાં આવે છે. આ પહેલાં ૨૦૨૧માં ધોરણ ૩, ૫, ૮ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય શિક્ષા સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું.

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા પરખ, એનસીઈઆરટી અને સીબીએસઈના સહયોગથી દેશના ૩૬ રાજ્યો અને સંઘપ્રદેશોમાં ૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ‘પરખ’ રાષ્ટ્રીય શિક્ષા સર્વેક્ષણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રીય સ્તર ઉપર ધોરણ ૩, ૬ અને ૯ના ૨૩ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવની ૨૧૨ શાળાના ૫૮૬૧ વિદ્યાર્થીઓનું સર્વેક્ષણ થયું હતું.

ભારત સરકારના શિક્ષણ મંત્રાલયે ગત બુધવારના ૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ યોજાયેલ રાષ્ટ્રીય સંમેલનમાં ‘પરખ’ રાષ્ટ્રીય સર્વેક્ષણ-૨૦૨૪નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવે ઐતિહાસિક ૨૫ નંબરમાં સુધારાની સાથે રાષ્ટ્રીય ઉપર સરેરાશ પાંચમો નંબર પ્રાપ્ત કરી પ્રદેશની શિક્ષણ વ્યવસ્થાની ગુણવત્તાને એક વખત ફરી પ્રમાણિત કરી છે. સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવ સર્વેક્ષણમાં રાષ્ટ્રીય સ્તર ઉપર ધોરણ ૩નો ૧૨મો, ધોરણ ૬નો ત્રીજો અને ધોરણ ૯નો ૬ઠ્ઠો નંબર રહ્યો છે. જ્યારે ૨૦૨૧માં કરવામાં આવેલા રાષ્ટ્રીય શિક્ષા સર્વેક્ષણમાં દમણ અને દીવનો રાષ્ટ્રીય સ્તર ઉપર ૩૧મો અને દાનહનો ૩૭મો નંબર રહ્યો હતો.

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના દિશા-નિર્દેશ અંતર્ગત સંઘપ્રદેશના શિક્ષણ વિભાગે ‘પરખ’ રાષ્ટ્રીય સર્વેક્ષણ-૨૦૨૪ની ગત એપ્રિલ માસથી જ તૈયારીનો પ્રારંભ કર્યો હતો. દરેક ધોરણો માટે પ્રશ્નબેંક તૈયાર કરી દરેક માધ્યમોમાં અનુવાદની સાથે દરેક વિદ્યાર્થીઓ સુધી આ પ્રશ્નબેંક પહોંચાડવાનું કાર્ય તૈયારીનું પ્રથમ પગથિયું હતું.

કુલ ૭ મોક ટેસ્ટની સાથે દરેક ટેસ્ટના પરિણામ દરેક શાળાના શિક્ષકો સાથે શેર કરવામાં આવતા હતા. પ્રત્યેક મોક ટેસ્ટમાં જરૂરી સુધારા માટે યુ-ટ્યુબ લાઈવ દ્વારા જરૂરી માર્ગદર્શન પણ મહત્ત્વપૂર્ણ સાબિત થયું છે. આ માર્ગદર્શનના આધાર ઉપર સી.આર.સી. તથા બી.આર.સી. દ્વારા ભાવિ સુધારણાં માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવતી હતી. શાળાથી લઈ જિલ્લાના પ્રત્યેક સ્તર ઉપર નિરંતર નિરીક્ષણ પ્રણાલીનો પણ સફળ પ્રભાવ રહ્યો હતો. પરિણામસ્વરૂપ આજે સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવે રાષ્ટ્રીય સર્વેક્ષણ-૨૦૨૪માં પડોશી રાજ્ય ગુજરાત, મહારાષ્ટ્રને પાછળ છોડી રાષ્ટ્રીય સ્તર ઉપર શાનદાર પ્રદર્શન કરી પાંચમો નંબર પ્રાપ્ત કર્યો છે.

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે પોતાની દીર્ઘદૃષ્ટિથી પ્રદેશની શિક્ષણ વ્યવસ્થાને ઉત્કૃષ્ટ કરવા માટે ફક્ત અદ્યતન ભૌતિક સુવિધા જ નથી ઉપલબ્ધ કરાવી, પરંતુ શિક્ષણની ગુણવત્તામાં પણ નિરંતર સુધારા માટે પ્રતિબધ્ધતા પણ બતાવી હતી. જેના કારણે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્તર ઉપર છેલ્લા બે વર્ષથી બોર્ડ પરિણામમાં ઐતિહાસિક પ્રદર્શનની સાથે સાથે હવે ‘પરખ’ રાષ્ટ્રીય શિક્ષા સર્વેક્ષણ-૨૦૨૪માં પણ રેકોર્ડ ૨૫ નંબરોના સુધારા કૂદકા સાથે દેશમાં પાંચમો નંબર પ્રાપ્ત કર્યો છે.

સંઘપ્રદેશનું સમસ્ત શિક્ષણ આલમ પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના કટિબધ્ધ પ્રયાસોથી મળેલ પરિણામના કારણે તેમનો હાર્દિક આભાર પ્રગટ કરે છે અને ઋણ સ્વીકારે છે.

# દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપને રવિવારે નવા અધ્યક્ષ મળશેઃ સંગઠનાત્મક ચૂંટણી અધિકારી ધર્મેશસિંહ ચૌહાણે કરેલી જાહેરાત

### આજે સેલવાસ અટલ ભવન ખાતે પ્રદેશ ભાજપના મેમ્બર ઓફ પાર્લમેન્ટ અને નેશનલ કાઉન્સિલની મળનારી બેઠક



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૪**

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના નવા પ્રમુખના રહસ્ય ઉપરથી આગામી રવિવાર તા.૬ઠ્ઠી જુલાઈના રોજ પડદો હટી જશે અને પ્રદેશ ભાજપને નવા પ્રમુખ મળશે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠન પર્વ અંતર્ગત સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશના સંગઠનાત્મક ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશસિંહ ચૌહાણે એક પત્ર જારી કરી પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી માટે આવતી કાલ તા.૦૫.૦૭.૨૦૨૫ના શનિવારે સવારે ૧૧:૦૦ વાગ્યે પ્રદેશ ભાજપના મેમ્બર ઓફ પાર્લામેન્ટ અને નેશનલ કાઉન્સિલની એક બેઠકનું આયોજન સેલવાસ સ્થિત ભાજપ કાર્યાલય અટલ ભવનમાં કરવામાં આવ્યું છે. ત્યારબાદ ૬ જુલાઈ રવિવારે સવારે ૧૧:૦૦ વાગ્યે નવા ભાજપના પ્રદેશ અધ્યક્ષના નામની ઘોષણા કરવામાં આવશે.

# સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓ દ્વારા ટુવ્હીલર વાહન ચલાવવા પર પ્રતિબંધઃ કાયદાનું ઉલ્લંઘન કરનારના વાલીઓને સજા થશે



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ/સેલવાસ, તા.૦૪**

દાદરા નગર હવેલી અને દમણ-દીવ શિક્ષણ વિભાગના ડાયરેક્ટર દ્વારા પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. જેમાં દાનહ અને દમણ-દીવની શાળાઓમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓ દ્વારા ટુ-વહીલર વાહનના ઉપયોગ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. સહાયક શિક્ષણ નિયામક શ્રી રાજેશ જે. હળપતિ દ્વારા બહાર પાડેલ પરિપત્રમાં જણાવ્યું છે કે દાનહ ડીડીના યુટીની તમામ સરકારી, સહાયિત, બિન સહાયિત શાળાઓના વડાઓને જાણ કરવામાં આવે છે કે, ૧૮વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓને શાળાઓમાં ટુ-વહીલર ચલાવવાની મંજૂરી આપવી નહિ. આ સૂચનાનું પાલન નહીં કરવા પર વાલીઓને સજા કરવામાં આવશે.

### ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ २.२३ ॥



**સ્વ. શ્રી અમ્રતભાઈ ધીરૂભાઈ પટેલ**

જન્મ તા.૧૮/૧૦/૧૯૫૩ સ્વ. તા.૦૫/૦૭/૨૦૨૨ (અષાઢ સુદ છઠ, મંગળવાર)

છોડી અમારો સાથ, જઈ વસ્યા પ્રભુ પાસ,
હંમેશા યાદ રહેશે તમારી નીતિમત્તા, કર્તવ્યનિષ્ઠા અને સખત પરિશ્રમની શીખ,
પ્રભુ અમારા પપ્પાના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.

ગં.સ્વ. જયમતીબેન અમ્રતભાઈ પટેલ (પત્ની)
ચંદુભાઈ ધીરૂભાઈ પટેલ (મોટાભાઈ) ધર્મેશભાઈ અમ્રતભાઈ પટેલ (નાનો પુત્ર)
રાજેશભાઈ અમ્રતભાઈ પટેલ (મોટો પુત્ર) કર્તવ્ય કુમાર, રૂદ્ર કુમાર (પૌત્ર)
તથા સમસ્ત પટેલ પરિવાર

ભીમપોર, પટેલ ફળિયા, જલારામ મંદિર, નાની દમણ. ફોનઃ ૯૭૨૩૪ ૧૩૩૭૮






## સુવિચાર - સદ્‌વિચાર

મનુષ્યના જીવનમાં સહનશક્તિ એ સૌથી મોટી તાકાત છે.

## કવિતા

### અમે - તમે

અમે તમારે છજે ધૂંધળી સાંજ બની ફેલાયા;
અમે કબૂતર પાંખ તળે આકાશ સમા સંતાયા.

અમે તમારા ઘરને મારગ જતી સાંકડી કેડી,
તમે જુઓ જ્યાં વાટ ઢોલિયે, અમે અટૂલી મેડી.

અમે ટોડલે થરથરતા દીવાની કથ્થઈ છાયા
અમે તમારે છજે ધૂંધળી સાંજ બની ફેલાયા.

અમે ગાગર ભીંત, ઓકળી તમે તરત લીંપેલી;
તમે હિલોળી આંગળીઓ જ્યાં ચિતરામણ ફણગેલી.

અમે હિંડોળો સ્તબ્ધ ઠેસ થઈ તમે સતત લહેરાયા
અમે તમારે છજે ધૂંધળી સાંજ બની ફેલાયા.

તરસ બની તરડાવું અમારે અવાવરુ પાણિયારે;
તમે કળાયલ મોર બનીને ઝળહળ થાવ બુઝારે.

તમે કંકુના થાપા, ઊંબર બની અમે ઠરડાયા.
અમે તમારે છજે ધૂંધળી સાંજ બની ફેલાયા.

- ભગવતીકુમાર શર્મા

## આજની જોક

સોનું: તુમ ઓપરેશન કરાયે બિના હોસ્પિટલ સે ભાગે ક્યુ?
મોનુ: નર્સ બાર બાર કહ રહી થી ડરો મત, હિમ્મત રખો
યે તો છોટા સા ઓપરેશન હૈ.
સોનું: નર્સ બરાબર તો બોલ રહી થી, ઉસમે ક્યા હુઆ?
મોનુ: વો મુજસે નહી ડોક્ટર સે બોલ રહી થી.

## કબીર વાણી

**સર્વોપર સત પુરુષ હોય, સબકે જીવન આપ,**
**પ્રથમ વંદના તાકિો, નામ હોત સબ પાપ.**

- અર્થાત-

સૌની ઉપર ખુલા છે, ને તે સૌના જીવોનો જીવ છે. પહેલે નમસ્કાર હું તેન કરુ છુઃ કારણ કે તેના નામની બરકતથી આપણા સર્વ પાપોનો નાશ થાય છે.

## આજનો દિન વિશેષ

### પી. વી. સિંધુ

પુસરલા વેંકટ સિંધુ (જન્મ ૫ જુલાઈ ૧૯૯૫), જે પી. વી. સિંધુ તરીકે પ્રખ્યાત છે, તે એક ભારતીય બેડમિન્ટન ખેલાડી છે. ભારતની સૌથી સફળ રમતવીરોમાંની એક તરીકે ગણવામાં આવતી સિંધુએ ઓલિમ્પિક ગેમ્સ, વર્લ્ડ ચેમ્પિયનશિપ અને ઓન ધ વર્લ્ડ ટૂર જેવી ટુર્નામેન્ટમાં મેડલ જીત્યા છે. તે બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયન બનનારી પ્રથમ અને એકમાત્ર ભારતીય છે અને ઓલિમ્પિક ગેમ્સમાં સતત બે મેડલ જીતનારી ભારતની બીજી વ્યક્તિ છે. એપ્રિલ ૨૦૧૭માં તેણી કારકિર્દીની સૌથી ઊંચી વિશ્વ રેન્કિંગ નંબર ૨ પર પહોંચી ગઈ.

સિંધુ સપ્ટેમ્બર ૨૦૧૨માં ૧૭ વર્ષની ઉંમરે BWF વર્લ્ડ રેન્કિંગમાં ટોચના ૨૦માં સ્થાન મેળવ્યું. તેણીએ BWF વર્લ્ડ ચેમ્પિયનશિપમાં કુલ પાંચ મેડલ જીત્યા છે અને ચીનની ઝાંગ નિંગ પછી સ્પર્ધામાં પાંચ કે તેથી વધુ સિંગલ્સ મેડલ જીતનારી બીજી મહિલા છે. તેણીએ ૨૦૧૬ રિયો ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું, જ્યાં તે ઓલિમ્પિક ફાઇનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય બેડમિન્ટન ખેલાડી બની. તેણીએ સ્પેનની કેરોલિના મારિન સામે હારી ગયા બાદ સિલ્વર મેડલ જીત્યો. તેણીએ ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિકમાં સતત બીજી વખત ઓલિમ્પિકમાં હાજરી આપી અને બ્રોન્ઝ મેડલ જીત્યો, બે ઓલિમ્પિક મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની.

સિંધુએ ૨૦૧૬ ચાઈના ઓપનમાં પોતાનું પહેલું સુપરસીરીઝ ટાઇટલ જીત્યું અને ત્યારબાદ ૨૦૧૭ માં ચાર વધુ ફાઇનલમાં દક્ષિણ કોરિયા અને ભારતમાં ટાઇટલ જીત્યા.

## આજની વાર્તા : દલા તરવાડી અને વશરામ

એક ગામમાં વશરામ ભુવા નામનો એક ખેડૂત રહેતો હતો. એને શાકભાજીની વાડી હતી. એ ગામમાં દલા તરવાડી નામનો એક કંજૂસ માણસ રહેતો હતો. એ હંમેશા ચીજ વસ્તુઓ સસ્તામાં જ ખરીદવાના રસ્તા શોધ્યા કરતો.

એક દિવસ દલા તરવાડી, વશરામ ભુવાની વાડી પાસેથી પસાર થતા હતા. એમણે જોયું કે વાડીમાં કોઈ નહોતું. એમણે થોડું શાક ચોરી લેવાનું વિચાર્યું. તે રીંગણાંના છોડ પાસે ગયા. એમણે પોતાની જાત સાથે જ વાત કરી કે ચોરી કરવી એ પાપ છે એટલે એમણે વાડીની સંમતિ લેવી જોઈએ.

એમણે વાડીને પૂછ્યુ, 'વાડી રે વાડી'પછી એમણે જાતે જ વાડી તરીકે જવાબ આપ્યો 'હા બોલો, દલા તરવાડી' પાછા એમણે વાડીને પૂછ્યું

'રીંગણાં લઉં બે ચાર'

એમણે જાતે જ વાડી તરીકે જવાબ આપ્યો

'લ્યોને ભાઈ દસ બાર!'

આમ એમણે થોડાં રીંગણાં લઈ લીધાં અને જાતે જ સંતોષ માન્યો કે એમણે રીંગણાંની ચોરી નથી કરી પણ વાડીની સંમતિ લીધી છે.

આ રીતે દલા તરવાડી દરરોજ વાડીમાંથી જુદા જુદા શાકભાજી લઈ જવા લાગ્યા. વાડીના માલિક વશરામ ભુવાએ જોયું કે દરરોજ એમની વાડીમાંથી થોડાં શાકભાજી ચોરાઈ જાય છે. આથી એમણે પહેરો ભરવાનું નક્કી કર્યું.તેઓ એક વૃક્ષની પાછળ સંતાઈ ગયા અને જોવા લાગ્યા કે કોણ શાકભાજી ચોરી જાય છે. એવામાં દલા તરવાડી વાડીમાં આવ્યા. એમણે શાકભાજી લઈ જવા માટે વાડીની સંમતિ માંગી. પછી જાતે જ વાડી તરીકે જવાબ આપીને શાકભાજી લઈ જવાની સંમતિ આપી.

વશરામ ભુવાએ દલા તરવાડીને પકડ્યા. દલા તરવાડી કહે કે તેઓ ચોરી નથી કરતા પણ વાડીને પૂછીને શાકભાજી લઈ જાય છે. વશરામ ભુવા આવા ચોર પર બહુ ગુસ્સે થઈ ગયા. એમણે દલા તરવાડીને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. તેઓ દલા તરવાડીને એક કૂવા પાસે લઈ ગયા.

વશરામ ભુવાએ કુવાને પૂછ્યું,

કૂવા રે ભાઈ કૂવા! પછી એમણે જાતે જ કૂવા તરીકે જવાબ આપ્યો

હા બોલો વશરામ ભુવા! વશરામ ભુવાએ કૂવાને પૂછ્યું

ડૂબકી ખવડાવું ત્રણ ચાર? પછી એમણે જાતે જ કૂવા તરીકે જવાબ આપ્યો ડૂબકી ખવડાવોને દસ બાર!

વશરામ ભુવાએ દલા તરવાડીનું મોઢું કૂવાના પાણીમાં દસ બાર વખત ડૂબાડયું. દલા તરવાડી રોવા લાગ્યા અને વશરામ ભુવાને કહેવા લાગ્યા કે ફરી ક્યારેય ચોરી નહીં કરે.આમ વશરામ ભુવાએ દલા તરવાડીની જ યુક્તિ વાપરીને એમને પાઠ ભણાવ્યો. જેવા સાથે તેવા!

# DGVCL પરીક્ષા અન્યાય અને સ્માર્ટમીટરના વિરોધમાં ચૈતર વસાવા-અનંત પટેલનો હલ્લાબોલ

## રાજકારણમાં એકબીજાની કટ્ટર હરીફ ગણાતી આમ આદમી પાર્ટી અને કોંગ્રેસે સુરતમાં હાથ મિલાવ્યા છે



(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત,તા.૦૪

ગુજરાતના રાજકારણમાં એકબીજાની કટ્ટર હરીફ ગણાતી આમ આદમી પાર્ટી (AAP) અને કોંગ્રેસે સુરતમાં હાથ મિલાવ્યા છે. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL)ની વિદ્યુત સહાયક પરીક્ષામાં થયેલા કથિત અન્યાય અને સ્માર્ટમીટર પ્રોજેક્ટના વિરોધમાં AAPના ધારાસભ્ય ચૈતર વસાવા અને કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલે સંયુક્ત પ્રદર્શન કર્યું. આદિવાસી યુવાનોના હક માટેની આ લડત શું રાજ્યના રાજકારણમાં નવો વળાંક લાવશે?

ગઈકાલે (૩ જુલાઈ, ૨૦૨૫) અમદાવાદમાં AAPના સદસ્યતા અભિયાન દરમિયાન પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે ભાજપ અને કોંગ્રેસને એક જ સિક્કાની બે બાજુ ગણાવ્યા હતા. પરંતુ ૨૪ કલાક પણ ન થયા ત્યાં, સુરતમાં AAP અને કોંગ્રેસના ધારાસભ્યો એકસાથે એક મંચ પર જોવા મળ્યા. DGVCLની વિદ્યુત સહાયક પરીક્ષામાં ૧૮૦૦થી વધુ પાસ થયેલા ઉમેદવારોને નિમણૂકપત્ર ન મળવાના મુદ્દે અને સ્માર્ટમીટર પ્રોજેક્ટના વિરોધમાં બંને નેતાઓએ કાપોદ્રા ખાતે DGVCLની મુખ્ય કચેરીએ પ્રદર્શન કર્યું.

આશરે પાંચ મહિના પહેલાં DGVCLની વિદ્યુત સહાયક પરીક્ષાના પરિણામો જાહેર થયા હતા, પરંતુ ૧૮૦૦થી વધુ ઉમેદવારોને હજુ સુધી નિમણૂકપત્ર આપવામાં આવ્યા નથી. આ ઉમેદવારોમાં મોટાભાગના દક્ષિણ ગુજરાતના છ જિલ્લાના આદિવાસી સમાજના યુવાનો છે. ચૈતર વસાવા અને અનંત પટેલે આક્ષેપ કર્યો છે કે ભરતી પ્રક્રિયા માટે દિલ્હીની એક ખાનગી કોન્ટ્રેક્ટ કંપનીને જવાબદારી સોંપવામાં આવી છે, જેમાં ગેરરીતિઓ થઈ રહી છે.

"આદિવાસી યુવાનો પૈસા આપી શકતા નથી, તેથી તેમની નિમણૂક થતી નથી. કોન્ટ્રેક્ટના નામે ભરતીમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. આ લડત સામાજિક ન્યાય માટે છે, કોઈ રાજકીય પક્ષ માટે નહીં."

ભરતી વિવાદ ઉપરાંત, બંને નેતાઓએ સ્માર્ટમીટર પ્રોજેક્ટનો પણ વિરોધ કર્યો. તેમનો આરોપ છે કે આ પ્રોજેક્ટ ગરીબ અને આદિવાસી સમાજના લોકો પર આર્થિક બોજ નાખશે. સ્માર્ટમીટરના નામે ખાનગી કંપનીઓને ફાયદો થઈ રહ્યો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

"દક્ષિણ ગુજરાતના યુવાનો સાથે અન્યાય થઈ રહ્યો છે. જો નિમણૂકપત્ર નહીં આપવામાં આવે, તો આગામી દિવસોમાં અમે મંત્રી કનુભાઈ દેસાઈના વાપી ખાતેના નિવાસસ્થાને હલ્લાબોલ પ્રદર્શન કરીશું."

## સંરક્ષણ ખરીદી કાઉન્સિલની બેઠકમાં નિર્ણય

# લશ્કરી દળો માટે રૂ.૧ લાખ કરોડનાં શસ્ત્રો ખરીદવાની દરખાસ્તને મંજૂરી

## દરિયાઈ સુરંગો, સુપર રેપિડ ગન માઉન્ટ અને સબમર્સિબલ ઓટોનોમસ જહાજોની ખરીદી માટે પણ મંજૂરી અપાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૦૪



પાકિસ્તાન સાથેના તાજેતરના લશ્કરી સંઘર્ષના થોડા સપ્તાહ પછી સંરક્ષણ મંત્રાલયે રૂ.1.05 લાખ કરોડના શ્રેણીબદ્ધ મિલિટરી હાર્ડવેર અને પ્લેટફોર્મ ખરીદવાની દરખાસ્તને મંજૂરી આપી છે. આનાથી ભારતના લશ્કરી દળો માટે 12 મરિન કાઉન્ટર મેઝર્સ વેસેલ્સ (MCMVs), બખ્તરબંધ રિકવરી વ્હિકલ્સ, ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ, સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલોની ખરીદી કરવામાં આવશે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી સંરક્ષણ ખરીદી કાઉન્સિલ (DAC)ની બેઠકમાં આ મહત્વપૂર્ણ ખરીદી પ્રોજેક્ટ્સને મંજૂરી અપાઈ હતી. ડીએસીએ સ્વદેશી ખરીદી મારફત આશરે રૂ.1.05 લાખ કરોડના શસ્ત્રોની ખરીદીને મંજૂરી આપી છે. ભારતીય નૌકાદળ માટે આશરે રૂ.44,000 કરોડના ખર્ચે દરિયાઈ સુરંગોનો સામનો કરતાં 12 જહાજો ખરીદવામાં આવશે. છેલ્લા 15 વર્ષમાં આ MCMV ખરીદવાના ઓછામાં ઓછા ત્રણ નિષ્ફળ પ્રયાસો પછી આ મંજૂરી આપવામાં આવી છે. લગભગ સાત વર્ષ પહેલાં માઈનસ્વીપર જહાજો તરીકે જાણીતા MCMV ખરીદવા માટે દક્ષિણ કોરિયાની એક સંરક્ષણ કંપની સાથે ભારતે વાટાઘાટો કરી હતી, પરંતુ વિવિધ મુદ્દાઓને કારણે આ વાટાઘાટો તૂટી પડી હતી. ભારતીય નૌકાદળ પાસે હાલમાં કોઈ MCMV નથી. તેથી નોકાદળ પાણીની અંદરની સુરંગ શોધવા, ટ્રેક કરવા અને નાશ કરવા માટે વિશિષ્ટ યુદ્ધ જહાજો મેળવવા માટે જોરદાર પ્રયાસ કરી રહ્યું છે.સામાન્ય રીતે દરિયાઈ વેપાર અને જહાજોને અવરોધિત કરવા માટે દુશ્મન દેશો આવી દરિયાણ સુરંગો બિછાવતા હોય છે.

દરખાસ્ત મુજબ MCMVsનું ઉત્પાદન ભારતમાં કરાશે. ડીએસીએ બખ્તરબંધ રિકવરી વ્હિકલ, ઈલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલી, સંકલિત સામાન્ય ઈન્વેન્ટરી મેનેજમેન્ટ સિસ્ટમ અને સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલોની ખરીદી માટેની દરખાસ્તને પણ મંજૂરી આપી છે. દરિયાઈ સુરંગો, સુપર રેપિડ ગન માઉન્ટ અને સબમર્સિબલ ઓટોનોમસ જહાજોની ખરીદી માટે પણ મંજૂરી અપાઈ છે.

# વડોદરામાં એક જ દિવસમાં બે સ્કૂલને બોમ્બથી ઉડાવવાની

## ગમે ત્યારે બ્લાસ્ટ થશે તેવી ધમકી મળી હતી જેથી સ્કૂલ છોડી દેવામાં આવી હતી અને તપાસ કરતાં કશું જ હાથ લાગ્યું ન હતું : સુરક્ષા એજન્સીઓ એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
વડોદરા,તા.૦૪

વડોદરામાં એક જ દિવસમાં બીજી એક સ્કૂલને પણ બોમ્બની ધમકી મળતા દોડધામ મચી હતી. પોલીસ અને બોમ્બ સ્કવોડની ટીમ બનાવના સ્થળે તપાસ કરી રહ્યા છે. વડોદરામાં એક પછી એક સ્કૂલને બોમ્બની ધમકી મળી રહી છે પરંતુ પોલીસ હજી ધમકીભર્યા ઈ-મેલ કરનાર સુધી પહોંચી શકી નથી. સમા વિસ્તારની નવરચના તેમજ ગુજરાત રિફાઈનરી સ્કૂલને ધમકી મળ્યા બાદ આજે સવારે હરણી મોટનાથ રોડ પર આવેલી સિગ્નસ ઈન્ટરનેશનલ સ્કૂલમાં આરડીએક્સ મૂક્યો છે અને ગમે ત્યારે બ્લાસ્ટ થશે તેવી ધમકી મળી હતી. જેથી સ્કૂલ છોડી દેવામાં આવી હતી અને તપાસ કરતાં કશું જ હાથ લાગ્યું ન હતું.

આ દરમિયાનમાં દિવાળીપુરા વિસ્તારની ડી.આર.અમીન સ્કૂલને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો મેલ મળતા તાત્કાલિક શિક્ષણકાર્ય બંધ કરવામાં આવ્યું હતું. વાલીઓ પણ મોટી સંખ્યામાં સ્કૂલે આવી જતા ભયનો માહોલ સર્જાયો હતો. ઉચ્ચ પોલીસ અધિકારીઓ કાફલા સાથે સ્કૂલમાં દોડી ગયા હતા અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની મદદ લઈ તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે ગત અઠવાડિયે ચેન્નઈની આઈટી એન્જિનિયર રેની જોશીલ્ડાની ધમકીભર્યા ઈમેલ મોકલવાને લઈને ધરપકડ કરાઈ હતી. તેમછતાં ધમકીભર્યા ઈમેલ સિલસિલો યથાવત જોવા મળી રહ્યો હતો.

આજે સવારે વડોદરાની સિગ્નસ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બ્લાસ્ટની ધમકી મળતાં વાલીઓ ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. હાલમાં સ્કૂલમાં સઘન ચેકિંગ અને સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું હતું, પરંતુ જો કશું હાથ લાગ્યું ન હતું.

વડોદરાની વધુ એક સ્કૂલને બોમ્બની ધમકી મળતા સ્કૂલ તેમજ વાલીઓમાં અફરાતફરી નો માહોલ સર્જાયો હતો. વડોદરામાં સમા વિસ્તારની નવરચના સ્કૂલને એક પછી એક બે વખત તેમજ રિફાઈનરી ઈંગ્લિશ મીડીયમ સ્કૂલ બોમ્બની ધમકી મળ્યા બાદ હવે હરણી મોટનાથ રોડ પર આવેલી સિગ્નસ ઈન્ટરનેશનલ સ્કૂલને બોમ્બની ધમકી મળી છે.

આજે વહેલી સવારે ધમકીનો મેસેજ જોતા સ્કૂલના વહીવટકર્તાઓએ વાલીઓને ગ્રૂપ મેસેજ કરી તાત્કાલિક બાળકોને લઈ જવા અથવા તો વાન ચાલકોને સ્કૂલે મોકલી આપવા જાણ કરી હતી.

બીજી તરફ ડીસીપી પન્ના મોમાયા ની ટીમ સ્કૂલમાં આવી ગઈ હતી અને બોમ્બ સ્કવોડની મદદ લઈ સ્કૂલમાં ચેકિંગ હાથ ધર્યું હતું. જોકે મોટા ભાગની તપાસ દરમિયાન કશું જ હાથ લાગ્યું ન હતું.

## સુરેન્દ્રનગરમાં હચમચાવતી ઘટના

# ૨૫ વર્ષનો દીકરો કમાતો નહોતો, પિતાએ ગળે ટૂંપો આપ્યો

## આ ઘટનાના સમાચાર વાત વાયુવેગે ગામમાં પ્રસરતા ગ્રામજનોના ટોળાં સ્થળ પર ઉમટી પડયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરેન્દ્રનગર, તા.૦૪

હળવદ તાલુકાના ચરાડવા ગામમાં એક પિતાએ કામ-ધંધો ન કરતા પુત્રની હત્યા કરી દીધાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. આરોપી દેવજીભાઈ કરસનભાઈ સોલંકીએ તેના ૨૫ વર્ષીય બેરોજગાર પુત્ર મનોજની દોરી વડે ગળું દબાવીને હત્યા કરી છે. બનાવ અંગે મૃતકના પિતરાઈ ભાઈએ કાકા વિરૂદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી હતી.

ચરાડવા ગામમાં દેવજીભાઈ કરસનભાઈ સોંલકી (ઉ.વ.૫૨) અને તેનો પુત્ર મનોજભાઈ સોલંકી (ઉ.વ.૨૫) એકલા રહે છે. મનોજભાઈ સોલંકી કોઈ કામ-ધંધો કરતો ન હતો. આ કારણે તેના પિતા દેવજીભાઈ કરસનભાઈ સોંલકી સાથે વારંવાર ઝઘડા થતા હતા. ગઈકાલે પણ પિતા-પુત્ર વચ્ચે કામધંધે ચઢવા બાબતે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન દેવજીભાઈએ દોરી વડે મનોજનું ગળું દબાવી દીધું હતું, જેના કારણે તેનું મૃત્યુ થયું હતું. દેવજીભાઈ પુત્રની હત્યા કરી આસપાસના લોકોને જાણ કરી હતી. પાડોશમાં રહેતા લોકોના જાણવ્યા અનુસાર મનોજને પિતા દેવજીભાઈ સાથે બોલાચાલી થઈ હતી અને મનોજને બેભાન હાલતમાં ચરાડવા સરકારી હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં સરકારી ડોકટરે મૃત જાહેર કર્યો હતો. મનોજના ગળાના ભાગે દોરીથી ગળે ટુંપો લાગેલ હોવાના નિશાન જોવા મળ્યા છે.આ ઘટનાના સમાચાર વાત વાયુવેગે ગામમાં પ્રસરતા ગ્રામજનોના ટોળાં સ્થળ પર ઉમટી પડયા હતા. બનાવ અંગે પોલીસને જાણ કરાતાં હળવદ પીઆઈ સહિતનો પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો આરોપી દેવજીભાઈની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બનાવ સંદર્ભે મૃતક યુવાનના પિતરાઈ ભાઈ અને મોરબીના ભડિયાદ રોડ પર સાયન્સ કોલેજ પાછળ રહેતા અને મૂળ ચરાડવાના વતની દિનેશભાઈ મગનભાઈ સોલંકી (૪૨)એ તેમના કાકા દેવજીભાઈ કરસનભાઈ સોલંકી વિરૂદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી છે.

## મહિલાઓના નાઈટ શિફ્ટને મંજૂરી

# ગુજરાત સરકાર દ્વારા ફેક્ટરીમાં કામના કલાકોમાં ફેરફાર કરાયો

## આ મામલે મજૂરની લેખિત સંમતિ ફરજિયાત રહેશે અને ભવિષ્યના દિવસો પેઈડ હોલિડે તરીકે ગણાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૦૪

ગુજરાત સરકારે ફેક્ટરી એક્ટ, ૧૯૪૮ના મુખ્ય જોગવાઈઓમાં સુધારો કરીને દૈનિક કાર્યકાળને ૯ કલાકમાંથી વધારીને ૧૨ કલાક કર્યો છે, જ્યારે અઠવાડિયાના કુલ કાર્યકાળ માટેની મર્યાદા ૪૮ કલાક રાખવામાં આવી છે. ફેક્ટરી (ગુજરાત સંશોધન) ઓર્ડિનન્સ-૨૦૨૫, જે ૧ જુલાઈએ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારી વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

આ નિયમ અનુસાર મહિલાઓને રાત્રિ શિફ્ટમાં કાર્ય કરવા માટે પણ મંજૂરી આપવામાં આવી છે.

આ ઓર્ડિનન્સ ઉદ્યોગોમાં રોકાણને પ્રોત્સાહન આપવા તેમજ રોજગારીના નવા અવસરો સર્જવા માટે લાગુ કરવામાં આવ્યો છે. ઓર્ડિનન્સના મુખ્ય મુદ્દાઓ જેમાં કાર્યના કલાક વધાર્યા છે. જેમાં રોજના મહત્તમ કામના કલાકો હવે ૧૨ કલાક થાય છે. જ્યારે સપ્તાહના ૪૮ કલાકના નિયમ યથાવત રહેશે. આ મામલે મજૂરની લેખિત સંમતિ ફરજિયાત રહેશે અને ભવિષ્યના દિવસો પેઈડ હોલિડે તરીકે ગણાશે.

મજૂર હવે ૬ કલાક સતત કામ કરી શકે, જે અગાઉ ૫ કલાક હતા. નિર્ધારિત મર્યાદા કરતા વધુ કામ કરતાં મજૂરને દોવડું વેતન આપવામાં આવશે. હવે દરેક ત્રિમાસિકગાળામાં મજૂર ૧૨૫ કલાક સુધી ઓવરટાઈમ કરી શકે છે. જેમાં લેખિત સંમતિ લેવાની રહેશે.

મહિલાઓને ૭ વાગ્યાથી ૬ વાગ્યા સુધી રાત્રિની શિફ્ટમાં કામ કરવાની છૂટ મળશે. આ માટે વિશેષ સુરક્ષા ઉપાયો, પરિવહન વ્યવસ્થા, કેમેરા દેખરેખ, આરામગૃહ અને શારીરિક-મનસ્વી સુરક્ષાને ધ્યાને લઈને નિયમો બનાવવામાં આવ્યા છે. આ કાર્ય સંપૂર્ણપણે સ્વઈચ્છાએ આધારિત હશે.

રાજયપાલે ભારતના સંવિધાનના કલમ ૨૧૩ હેઠળ રાષ્ટ્રપતિની મંજૂરી મેળવી આ ઓર્ડિનન્સ તાત્કાલિક અમલમાં મૂક્યો છે. આ ઓર્ડિનન્સ વધુ આર્થિક પ્રવૃત્તિઓ અને રોજગારીના અવસરો ઊભા કરવાના હેતુથી બનાવાયો છે. ભવિષ્યમાં તેની કાયદેસર મંજૂરી વિધાનસભાની બેઠકોમાં લેવાશે. ઉદ્યોગકારો, મજૂર સંઘો અને હકની સંસ્થાઓની પ્રતિસાદ પ્રવૃત્તિઓ હવે આગળ વધી શકશે.



મહિલાઓને ૭ વાગ્યાથી ૬ વાગ્યા સુધી રાત્રિની શિફ્ટમાં કામ કરવાની છૂટ : આ માટે વિશેષ સુરક્ષા ઉપાયો, પરિવહન વ્યવસ્થા, કેમેરા દેખરેખ, આરામગૃહ અને શારીરિક-મનસ્વી સુરક્ષાને ધ્યાને લઈને નિયમો બનાવવામાં આવ્યા છે

# વલસાડ જિલ્લામાં દર્દીઓને વધુ સારી આરોગ્ય સેવા મળે તે માટે જૂન માસમાં કુલ ૨૨ આયુષ્યમાન આરોગ્ય મંદિરના મૂલ્યાંકન કરાયા

## રાષ્ટ્રીય નિષ્ણાંતોની ટીમ દ્વારા વલસાડના ૬, ઉમરગામના ૭, ધરમપુરના ૪, કપરાડાના ૫ મળી કુલ ૨૨ આયુષ્માન આરોગ્ય મંદિરની ગુણવત્તાના ખાતરી ધોરણો ચકાસાયા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૪**

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા જૂન માસમાં વલસાડ જિલ્લાના વલસાડ, ઉમરગામ, ધરમપુર અને કપરાડા તાલુકાના ૧૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હસ્તકના કુલ ૨૨ પેટા આરોગ્ય કેન્દ્રો (આયુષ્યમાન આરોગ્ય મંદિરો)માં નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ (એનક્યુએએસ) એટલે કે, રાષ્ટ્રીય ગુણવત્તાની ખાતરી ધોરણોનું રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાંતો દ્વારા સ્થળ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

ગત જૂન માસ દરમિયાન રાષ્ટ્રીય સ્તરની કુલ ૮ ટીમ આરોગ્ય ક્ષેત્રે વિવિધ માપદંડોના મૂલ્યાંકન માટે વલસાડ જિલ્લામાં આવી હતી. જેમાં વલસાડ તાલુકાના કલવાડા, રાબડા, તિથલ, ફલધરા, પારનેરા-૧ અને રોલા ગામ, ઉમરગામ તાલુકાના બોરીગામ, માંડા-૧, કલગામ-૧, સરીગામ-૩, મોહનગામ-૨, સોળસુંબા-૨ અને નંદિગ્રામ, ધરમપુર તાલુકામાં આંબાતલાટ-૧, હેદરી, બિલપુડી-૧, ભાનવડ અને કપરાડા તાલુકાના ખુંટલી, કપરાડા-૨, આમધા, ભંડારકચ્છ અને નાંદગામ મળી કુલ ૨૨ આયુષ્યામાન આરોગ્ય મંદિરોમાં વિવિધ સર્વિસ પેકેજ જેવા કે, સગર્ભા માતાની પ્રસુતિ, પ્રસુતિ પછીની સારસંભાળ, નવજાત શિશુ અને ૧ વર્ષથી નાના બાળકના આરોગ્યની સંભાળ, રસીકરણ સહિત બાળ સંભાળ અને કિશોર કિશોરીઓને લગતી પુરતી આરોગ્ય સેવા, કુટુંબ કલ્યાણને લગતી સેવાઓ તેમજ તેને સંલગ્ન આરોગ્ય સેવાઓ, સામાન્ય બિમારીઓના ઉપચાર, રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોનું સઘન સંચાલન જેમાં સંચારી રોગચાળા સંબંધિત પ્રોગ્રામ અમલીકરણ, ડાયાબિટીસ, હાયપર ટેન્શન, કેન્સર જેવા નોન કોમ્યુનિકેબલ રોગોનું નિદાન અને સારવાર, આંખ, કાન, નાક તથા ગળાને લગતી બિમારી અને રોગોનું સ્ક્રીનીંગ નિદાન તેમજ સારવાર, દાંતના આરોગ્યને સંબંધિત સેવાઓ, માનસિક આરોગ્યને લગતી બિમારીઓનું નિદાન તેમજ સારવાર, વધુ વય ધરાવતા વ્યક્તિઓ માટે ઉંમર સંલગ્ન સારવાર તેમજ ઈમરજન્સી સેવાઓ સાથે સાથે કાર્યક્રમો તથા જનરલ એડમિનિસ્ટ્રેશન, ફાઈનાન્સને લગતી વિવિધ બાબતો તથા આરોગ્યને લગતી વિવિધ સુવિધાઓનું ચેકિંગ રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ દર્દીને કેવી રીતે સારવાર આપવામાં આવે છે, દર્દીને સરકારી સેવાથી સંતોષ છે કે કેમ, અધિકારી અને કર્મચારીઓનું આરોગ્યલક્ષી જ્ઞાન, સરકારના નિયમ મુજબ રેકર્ડ ચકાસણી કરવામાં આવી હતી.

વલસાડ જિલ્લા ક્વોલિટી એન્સ્યોરન્સ મેડિકલ ઓફિસર ડો. દિવ્યેશ પટેલે જણાવ્યું કે, વલસાડ જિલ્લાના કુલ ૩૧૧ આયુષ્માન આરોગ્ય મંદિર પૈકી ૩૦ આયુષ્માન આરોગ્ય મંદિરનું રાષ્ટ્રીય કક્ષાની ટીમ દ્વારા મૂલ્યાંકન કરી તેઓને એનક્યુએએસ પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે જ્યારે બાકી રહેલા ૨૮૧ આયુષ્માન આરોગ્ય મંદિર પૈકી ૨૨ આયુષ્માન આરોગ્ય મંદિરનું એસેસમેન્ટ થઈ ચૂક્યું છે, જેના પરિણામ હજુ બાકી છે. હવે બાકી રહેલા ૨૫૯ આયુષ્માન આરોગ્ય મંદિરમાં રાષ્ટ્રીય કક્ષાની ટીમ દ્વારા તપાસ કરી મૂલ્યાંકન કરવામાં આવશે. જેથી છેવાડાના દર્દીઓને પણ વધુમાં વધુ સારી સેવાઓ ઘર આંગણે ઉપલબ્ધ કરી શકાય છે, જેનાથી સરકારનો હેતુ સિધ્ધ થશે.

### જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને

# જિલ્લા રોગચાળા અટકાયત, તમાકુ નિયંત્રણ, કલાઈમેટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થની બેઠક યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૪**

વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને જિલ્લાના આરોગ્ય વિભાગની વિવિધ સમિતિની સમીક્ષા બેઠક કલેક્ટર કચેરી, વલસાડના સભાખંડમાં યોજાઇ હતી. આ બેઠકોમાં જિલ્લા રોગચાળા અટકાયત, તમાકુ નિયંત્રણ, કલાઈમેટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થની બેઠકો યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ જિલ્લામાં પાણીજન્ય, વાહકજન્ય અને લેપ્ટોસ્પાયરોસીસના રોગચાળા અટકાયત, તમાકુ નિયંત્રણ અને નેશનલ પ્રોગામ ઓન કલાઈમેટ ચેન્જ હ્યુમન હેલ્થ કમિટિ અને સિકલસેલ પ્રોગામ અંતર્ગત જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા થયેલી કામગીરીની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક ડો. કરણરાજ વાઘેલા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એ. કે. સિંઘ, આર. સી. એચ. ઓ. ડો. હરપાલસિંઘ, સીવીલ સર્જન ડો. ભાવેશ ગોયાણી, એપેડેમિક અધિકારી ડો. મનોજ પટેલ તેમજ તમામ તાલુકા હેલ્થ ઓફિસરો અને જિલ્લાના આરોગ્ય વિભાગના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

### અનેરી જ્યોતિ ટ્રસ્ટ મુંબઈ અને વોક ટુ ગેધર્સ ફાઉન્ડેશન મુંબઈ દ્વારા

# નાનીવહિયાળ હાઈસ્કૂલના ૪૮૪ વિદ્યાર્થીઓને ૩૦૦૦ મફત નોટબુકનું વિતરણ કરાયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૪**

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના નાનીવહિયાળ ગામની વોક ટુ ગેધર્સ શ્રી ઉમેદભાઈ દોષી સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અનેરી જ્યોતિ ટ્રસ્ટ મુંબઈ અને વોક ટુ ગેધર્સ ફાઉન્ડેશન, મુંબઈ દ્વારા શાળાના કુલ -૪૮૪ વિદ્યાર્થીઓને કુલ- ૩૦૦૦ મફત નોટબુક અને વાલી મંડળ તરફથી બોલપેન, પેન્સિલ, રબ્બર, સંચાની કીટનું વિતરણ કરી નોંધપાત્ર સામાજિક સેવા કાર્ય કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ ફાઉન્ડેશનના પ્રતિનિધિ યુ મેડીકા લેબોરેટરી પ્રા.લિ.ના મેનેજર શ્રી નૈષધભાઈ દેસાઈએ પ્રવચનમાં જણાવ્યું કે, માનવ સમાજને શિક્ષિત બનાવવાની દરેક વ્યક્તિની ફરજ છે. સત્કર્મ એ સાચા અર્થમાં જીવનનું સાચું મૂલ્ય છે. દાતાઓના સહયોગથી શાળાઓમાં વિદ્યાર્થીઓને શિક્ષણ અને પ્રગતિની તક મળે છે. વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં તેમણે કહ્યું કે, રોજનો અભ્યાસ દિવસને શ્રેષ્ઠ બનાવે છે અને



સફળતા તરફના દરવાજા ખોલે છે. શિક્ષણ માત્ર પદવી મેળવો તે માટે નહીં પણ સુસંસ્કારિત નાગરિક બનવા માટે પણ જરૂરી છે.

નિવૃત્ત એન્જિનિયર શ્રી રાજેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ રાખવાની સલાહ આપી શિક્ષણ જીવનમાં સફળતાની ચાવી છે અને સંજોગો સામે લડીને આગળ વધવા માટે દરેક વિદ્યાર્થી સજ્જ રહેવો જોઈએ.

વાલી મંડળના ઉપપ્રમુખ કમલેશભાઈ પટેલે શાળામા અભ્યાસ કરતા નિરાધાર વિદ્યાર્થીઓને કપડા, ચોપડા, છત્રી, બુટ, ચંપલની સગવડ પુરી પાડવા ખાતરી આપી હતી.

શાળાના આચાર્ય શ્રી શૈલેશકુમાર પટેલે સમગ્ર શાળા પરિવાર અને દક્ષિણ ગુજરાત પછાત વર્ગ સેવા મંડળ સુરતના પ્રમુખ શ્રીમતિ સુધાબેન દેસાઈ, મંત્રી દત્તેશભાઈ ભટ્ટ, સહમંત્રી કાંતાબેન પટેલ તથા વાલીમંડળ તરફથી અનેરી જ્યોતિ ટ્રસ્ટ મુંબઈ, વોક ટુ ગેધર્સ ફાઉન્ડેશનના દાતાઓ શ્રી મનિષભાઈ દોષી, રસ્મીનભાઈ સંઘવી, ગૌતમભાઈ દેસાઈ સહિત તમામનું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

દાતાશ્રી મનિષભાઈ દોશીએ શાળા દ્વારા વિદ્યાર્થીઓને રોજગારલક્ષી તાલીમ આપવામાં આવે, શાળામાં સાયન્સ પ્રવાહની શરૂઆત કરવામાં આવે તેમજ પર્યાવરણ જાળવવા માટે આંબાની કલમો પણ વિતરણ થાય તે માટે જરૂરી તમામ સહાય આપવાની બાહેંધરી આપી હતી.

કાર્યક્રમમાં વાલીમંડળના પ્રમુખ દિલીપભાઈ પટેલ, ઉપપ્રમુખ કમલેશભાઈ પટેલ, મંગુભાઈ પટેલ, જુગલભાઈ પટેલ અને ઘેલાભાઈ પટેલ, દક્ષિણ ગુજરાત પછાત વર્ગ સેવા મંડળના ક્લાર્ક દિપકભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ શાળાના આચાર્ય શ્રી શૈલેશકુમાર આર. પટેલનું સન્માન કરીને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

# વલસાડ જિલ્લામાં જુલાઈ માસના જિલ્લા સ્વાગત અને તાલુકા સ્વાગત કાર્યક્રમ માટે ૧૦ જુલાઈ સુધીમાં પશ્નો મોકલી આપવા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા. ૦૪:** રાજ્યમાં નાગરિકોના ગ્રામ્ય કે તાલુકા કક્ષાના પ્રશ્નો/ફરીયાદો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે મુખ્યમંત્રીશ્રીએ ‘‘જિલ્લા સ્વાગત’’ ‘‘તાલુકા સ્વાગત’’ કાર્યક્રમ ચાલુ કર્યો છે. માહે-જુલાઈ-૨૦૨૫ માસમાં સ્વાગત કાર્યક્રમ હેઠળ અરજીઓ મંગાવવામાં આવી છે.

જુલાઈ-૨૦૨૫ માસનો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૩/૦૭/૨૦૨૫ને બુધવારના રોજ તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૪/૦૭/૨૦૨૫ને ગુરૂવારનાં રોજ યોજાશે. આ કાર્યક્રમમાં રજૂઆત કરવા માંગતા અરજદારોએ પોતાના પ્રશ્નો / રજૂઆતોનાં નિકાલ માટેની વિગતવાર અરજી, જરૂરી આધાર પુરાવાઓ સહિત અરજીઓ ‘મારી અરજી તાલુકા સ્વાગત / જિલ્લા સ્વાગતમાં લેવી’ તેવા મથાળા હેઠળ તા.૧૦/૦૭/૨૦૨૫ સુધીમાં બિનચુક રજૂ કરવા વિનંતી છે. ઉપરોક્ત અરજીઓ પૈકી તાલુકા કક્ષાએ નિકાલ કરવા પાત્ર ગ્રામ / તાલુકાની અરજીનો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૩/૦૭/૨૦૨૫ને બુધવારે જે-તે તાલુકાની મામલતદાર કચેરીમાં સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે, જેથી અરજી કરનાર અરજદારોને જે-તે મામલતદાર કચેરી દ્વારા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહેવાની જાણ કરવામાં આવશે. તેઓએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે. ઉપરોક્ત અરજીઓ પૈકી જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર અરજીઓનો જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૪/૦૭/૨૦૨૫ને ગુરૂવારે કલેકટર કચેરી, વલસાડનાં સભાખંડમાં સવારે ૧૧: ૦૦ કલાકે યોજાશે. આ કામે જે તે રજદારોને કલેકટર કચેરી દ્વારા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહેવાની જાણ કરવામાં આવશે. તેઓએ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે. ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં કોર્ટ કેસ/સબ જ્યુડીશીયલ બાબતો/માહિતી અધિકારી હેઠળની અરજીઓ / સેવાકીય બાબતો / કોઈ ખાતાની નિમણુકની બાબતો, સર્વિસ મેટર અને અરજદારની સહી વગરની અરજીઓ લેવામાં આવશે નહી, જેની સબંધકર્તાઓએ નોંધ લેવી. સ્વાગત કાર્યક્રમમાં અરજદારશ્રી બે થી વધુ પ્રશ્નો રજૂ કરી શકશે નહી.

# અભિરંગ યુવા ગ્રુપ દ્વારા વિદ્યાદાન કાર્યક્રમ અંતર્ગત ધરમપુર-કપરાડાના અંતરિયાળ વિસ્તારમાં શિક્ષણ કીટનું કરાયેલું વિતરણ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ધરમપુર, તા.૦૪**

શિક્ષણ એ દરેક બાળકનો મૂળભૂત અધિકાર છે, પરંતુ જ્યાં વાહનવ્યહવારની તકલીફ હોય, ઈમારતો ગળતી હોય અને પ્લાસ્ટિકની કોથળીમાં પુસ્તકો વહન કરવું પડે, ત્યારે એ અધિકાર માટે ઝઝૂમવું પડે છે. આવા સંજોગોમાં અભિરંગ યુવા ગ્રુપની ‘વિદ્યા દાન’ પહેલ એક આશાજનક અભિયાન બની ઊભી રહી છે. ધરમપુર-કપરાડાના અંતરિયાળ વિસ્તારોમાં અભિરંગ યુવા ગ્રુપ દ્વારા છેલ્લા પંદર વર્ષથી શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે. આ વર્ષે પણ પુ. ગુરુ મહારાજ શ્રી અવધૂતજીની પ્રેરણાથી ગામે-ગામ જઈને જરૂરિયાતમંદ આદિવાસી



બાળકોને શિક્ષણ કીટ, જેમ કે સ્કૂલબેગ, નોટબુક, પેન, પેન્સિલ અને કંપાસ વગેરેની સાતસો પચાસ જેટલી કીટ અને સમગ્ર ગુજરાતમાં પાંચ હજારથી વધુ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

એમાંથી એક ખાસ ઘટના રહી કપરાડા તાલુકાના મેણધા ગામની, એક એવું ગામ જ્યાં સંપૂર્ણ આદિવાસી વસ્તી વસે છે અને શિક્ષણ માટેના સાધનો હજી પણ દુર્લભ ગણાય, અહીં શાળાના આચાર્ય શ્રી ધર્મભરૂ અને તેમના સહકર્મી શિક્ષકો પોતે ગામમાં વાલીઓ સુધી પહોંચ્યા, બાળકોને શાળામાં એડમિશન કરાવ્યાં. પણ સ્થિતિ એંટી બની. ખરાબ રસ્તાઓ, ટ્રાન્સપોર્ટની અછત અને ખસ્તા ઈમારતો વચ્ચે શિક્ષણના સપનાઓને જીવંત રાખવા પડકારરૂપ છે. આરટીઓની કાર્યવાહીથી ખાનગી વાહન વ્યવસ્થા સ્થગિત થતાં આચાર્યશ્રીએ પોતાની પહેલથી સેકન્ડ હેન્ડ પણ સારી એવી એક સ્કૂલ બસની વ્યવસ્થા કરી. ત્યારે અભિરંગના કાર્યકરોએ કિટ વિતરણની જાણ કરી. આ સમાચારથી આચાર્ય અને શિક્ષકોમાં ઉત્સાહ છવાઈ ગયો. આગલી રાત્રે આયોજન કરી દિવસે તેઓ અભિરંગ ટીમ સાથે મેણધા સહિત આસપાસની શાળાઓમાં પહોંચ્યા. ગુરૂ મહારાજની લીલા એવી કે કાર્યકરોને એ જ જગ્યાએ પહોંચાડે છે, જ્યાં સાચી જરૂરિયાત હોય.

# વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટ દ્વારા નવી પહેલ: ૬૦૦ સ્થળે ‘‘પ્રાકૃતિક ખેતી એટલે પોષણક્ષમ ખેતી’’ના બોર્ડ લગાવાશે

## પ્રાકૃતિક ખેતી ગામે ગામ થાય તે માટે ગ્રામ પંચાયતો અને દૂધ મંડળીઓમાં ૪૦૦ બોર્ડ લગાવી દેવામાં આવ્યા










**ખાસ લેખ: જિજ્ઞેશ સોલંકી**
**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૪**

દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતીની જ્યોત ઝળહળી રહી છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યના ગામે ગામ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વિસ્તરી રહ્યો છે. પરોપરકારી ગણાતી પ્રાકૃતિક ખેતી અંગે લોકો વધુમાં વધુ જાણકાર બને તે માટે વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટ કચેરી દ્વારા નવો અભિગમ અપનાવવામાં આવ્યો છે. જિલ્લામાં આવેલી તમામ ગ્રામ પંચાયતો અને દૂધની ડેરી ઉપર ‘‘પ્રાકૃતિક ખેતી એટલે પોષણક્ષમ ખેતી’’ના બોર્ડ લગાવવામાં આવી રહ્યા છે. જેનાથી દરેક ગામનો નાનામાં નાનો ખેડૂત પણ પ્રાકૃતિક ખેતીથી માહિતગાર બનશે અને રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી તરફ વળે એ દિશામાં પ્રસંશનીય પ્રયાસ થઈ રહ્યા છે.

ગુજરાત રાજ્ય સરકારના નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, આત્મા કૃષિ અને ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ ચારે દિશામાં કરાય રહ્યો છે. જે સંદર્ભે વલસાડ જિલ્લા આત્મા તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં પ્રાકૃતિક ખેતીના પાંચ આયામ (૧) બીજામૃત, (૨) જીવામૃત/ ઘનજીવામૃત, (૩) વાફસા (૪) આચ્છાદન અને (૫) મિશ્ર ખેતી/ સહજીવનનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે ગામમાં આ બેનર લગાવવામાં આવ્યા છે તે ગામનું

### પ્રાકૃતિક ખેતીની જનજાગૃતિ માટે ૧૨૮ કૃષિ સખી અને ૧૨૮ કોમ્યુનિટી રીસોર્સ પર્સનને જવાબદારી સોંપવામાં આવી: જિલ્લાના કુલ ૧૭૦ પ્રાકૃતિક અને જંગલ મોડલ ફાર્મની ખેડૂતો વિઝિટ લઈ પ્રેરણા મેળવી શકે તેવું આયોજન

કચેરી દ્વારા કરવામાં આવેલી પહેલ અંગે આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી ડી.એન.પટેલ જણાવે છે કે, પ્રાકૃતિક ખેતી એટલે ઓછા ખર્ચે ટકાઉ ખેતી. દરેક ગામનો દરેક ખેડૂત ઝેરયુક્ત રાસાયણિક ખેતી છોડી ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે ખેડૂતોને જરૂરીમાં નાનામાં નાની માહિતી મળી રહે તેવા પ્રયાસ અમારી કચેરી દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. જે અંતર્ગત પ્રાકૃતિક ખેતી એટલે પોષણક્ષમ ખેતીના બેનર નામ અને આત્મા કચેરી દ્વારા તાલીમ પામનાર કોમ્યુનિટી રીસોર્સ પર્સન, કૃષિ સખી અને સહાયકનું નામ અને મોબાઈલ નંબર લખવામાં આવે છે. આ સિવાય નજીકના પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મની વિગત પણ લખવામાં આવે છે. જેથી ગામમાં કોઈ ખેડૂત રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી કરવા માંગે તો તે કોમ્યુનિટી રીસોર્સ પર્સન, કૃષિ સખી અને સહાયકનો સંપર્ક કરી વધુ વિગત મેળવી પોતાને મૂંઝવતા પ્રશ્નોના જવાબની સાથે ઉપયોગી માર્ગદર્શન પણ મેળવી શકે છે. જો કોઈ ખેડૂતે પ્રાકૃતિક ખેતી પધ્ધતિની રૂબરૂ એટલે કે, ખેતરમાં જઈને માહિતી મેળવવી હોય તો તે માટે પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મ અને જંગલ મોડલ ફાર્મના ખેડૂતોના પણ નામ, મો.નં. અને સરનામું આપવામાં આવે છે જેથી ત્યાં પહોંચી વિસ્તૃત માહિતી મેળવી શકે છે. આ બેનરમાં કૃષિ પ્રગતિ એપનો ક્યુઆર કોડ અને પ્રાકૃતિક કૃષિ માહિતી માટેના ક્યુઆર કોડ પણ આપવામાં આવ્યા છે. જેથી મોબાઈલમાં એક જ સેકન્ડમાં પ્રાકૃતિક ખેતીને લગતી માહિતી મેળવી શકે છે.

વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી વિમલ પટેલે આ નવી પહેલ અંગે જણાવ્યું કે, ગામડાના દરેક ખેડૂતને પ્રાકૃતિક ખેતી અંગેની માહિતી પોતાના જ ગામમાં ઉપલબ્ધ થાય તે માટે આ પ્રયાસ હાથ ધરાયો છે. ખેડૂતે બહાર ક્યાંય જવાની જરૂર રહેતી નથી. વલસાડ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીની જન જાગૃતિ માટે ૧૨૮ કૃષિ સખી અને ૧૨૮ કોમ્યુનિટી રીસોર્સ પર્સનને જવાબદારી સોંપવામાં આવે છે. જેઓને દર મહિને રૂ.૫૦૦૦નું માનદ વેતન પણ આપવામાં આવે છે. જિલ્લાની ૩૮૫ ગ્રામ પંચાયત અને ૬૦૦ દૂધ મંડળીમાં આ બોર્ડ લગાવવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં ૪૦૦ બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે. જિલ્લામાં કુલ ૧૨૮ કલસ્ટર બનાવવામાં આવ્યા છે. જેમાં એક કલસ્ટરમાં ૩ ગામનો સમાવેશ કરાયો છે. આ સિવાય કુલ ૧૭૦ મોડલ ફાર્મ બનાવવામાં આવ્યા છે. જેઓની ખેડૂતો વિઝિટ લઈ શકે છે. એક કૃષિ સખીએ ૩ ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક જનજાગૃતિ ફેલાય તે માટે કામગીરી કરવાની રહેશે.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# અનરજિસ્ટર્ડ ઈનવેસ્ટમેન્ટ અને સ્ટોક માર્કેટ એડવર્ટાઈઝર્સની ગતિવિધિઓ પર લગામ લગાવવા SEBIની તૈયારીઓ

**શેર**માં રોકાણની અનધિકૃત સલાહ આપનારાઓની દુકાનો હવે બંધ થવા જઈ રહી છે. અનરજિસ્ટર્ડ ઈનવેસ્ટમેન્ટ અને સ્ટોક માર્કેટ એડવર્ટાઈઝર્સની ગતિવિધિઓ પર લગામ લગાવવાની તૈયારીઓ થઈ રહી છે. આ માટે SEBI ગૂગલ અને ટેલિગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ સાથે ચર્ચા કરી રહ્યું છે. સેબી આ મુદ્દે ખૂબ જ ગંભીર છે. તેણે અગાઉ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર રોકાણની ટિપ્સ (ઈનવેસ્ટમેન્ટ ટિપ્સ) આપનારાઓ સામે અનેક પગલાં લીધાં છે. આ વિશે મનીકંટ્રોલના એક સવાલના જવાબમાં SEBIએ કહ્યું કે, "અમે તે તમામ લોકોના આભારી છીએ જેઓ આ રિસ્ક ઘટાડવામાં અમારો સહયોગ કરી રહ્યા છે. આ અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ સાથે વાતચીત ચાલી રહી છે." રેગ્યુલેટરે જણાવ્યું કે, અનરજિસ્ટર્ડ ફિનફ્લુએન્સર્સ દ્વારા આપવામાં આવતી રોકાણની સલાહ પર પ્રતિબંધ લગાવવા માટે અનેક રણનીતિ અપનાવવામાં આવી છે, જેમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સની સાથે સહયોગ પણ સામેલ છે. સૂત્રોએ જણાવ્યું કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ આ મામલે સેબીની મદદ કરી રહ્યાં છે. એવું માનવામાં આવી રહ્યું છે કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ આ સમસ્યાને ખતમ કરવા માટે ટૂંક સમયમાં પોતાના તરફથી કેટલાક ઉપાયો લાગુ કરશે. અનરજિસ્ટર્ડ ફિનફ્લુએન્સર્સ આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સનો દુરુપયોગ કરે છે, જેનાથી નવા રોકાણકારોને તો નુકસાન થાય જ છે, સાથે જ આ પ્લેટફોર્મ્સની પ્રતિષ્ઠાને પણ નુકસાન પહોંચે છે. ગૂગલ અને ટેલિગ્રામે આ અંગે પૂછાયેલા સવાલોના જવાબ આપ્યા નથી. સેબીના તાજેતરના અનેક આદેશોમાંથી જાણવા મળે છે કે છેતરપિંડી કરનારાઓએ રોકાણકારોને ફસાવવા માટે યૂટ્યૂબ, ટેલિગ્રામ અને વોટ્સએપ જેવા ચેનલોનો વારંવાર ઉપયોગ કર્યો છે. કોઈ શેરનો પ્રચાર કરવા અથવા તેના વિશે ખોટી વાતો ફેલાવવા માટે યૂટ્યૂબ વીડિયોનો ઉપયોગ થયો છે. એવી કંપનીઓમાં રોકાણ કરવાની સલાહ આપવામાં આવી, જેના વિશે કોઈ જાણતું નથી અથવા જેમના બિઝનેસ વિશે કંઈ જાણકારી નથી. એક્સપર્ટ્સનું કહેવું છે કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર અનધિકૃત સલાહ આપનારાઓના જાળમાં મોટાભાગે નવા રોકાણકારો જ ફસાય છે. કોવિડ બાદ શેરબજારમાં રોકાણ કરનારાઓની સંખ્યા નોંધપાત્ર રીતે વધી છે. ઘણા નવા રોકાણકારો શેરબજારને ઝડપથી પૈસા કમાવવાના માધ્યમ તરીકે જુએ છે. તેઓ નકલી ફિનફ્લુએન્સર્સની જાળમાં સરળતાથી ફસાઈ જાય છે. પછી, નુકસાન થાય ત્યારે તેમને પોતાની ભૂલનો અહેસાસ થાય છે.




# આસ્થા પુનિયા બન્યા ભારતીય નૌસેનાના મહિલા ફાઈટર પાયલટઃ ઉડાવશે ફાઈટર જેટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪:** સબ-લેફ્ટનન્ટ આસ્થા પુનિયા પ્રથમ મહિલા ફાઈટર પાયલટ બનતા ભારતીય નૌસેનામાં એક નવો ઈતિહાસ રચાયો છે. અત્યાર સુધી મહિલા પાયલટ નૌસેનાના જાસૂસી વિમાન અને હેલિકોપ્ટર ઉડાવતા હતા, પરંતુ આસ્થા હવે ફાઈટર જેટ ઉડાવશે, જે દેશની સુરક્ષામાં તેમની ભૂમિકાને વધુ મહત્ત્વપૂર્ણ બનાવશે. ભારતીય નૌસેના X પર એક પોસ્ટ શેર કરી છે. તેમાં આસ્થા પુનિયાનો ફોટો પણ છે. નૌસેનાએ પોસ્ટમાં લખ્યું છે કે, નૌસેના ઉડ્ડયનમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે. ભારતીય નૌસેનાએ ૦૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ ભારતીય નૌસેના હવાઈ મથક ખાતે બીજા બેઝિક હોક કન્વર્ઝન કોર્સ પૂર્ણ કરીને એક ઐતિહાસિક સીમાચિહ્ન સ્થાપિત કર્યું. લેફ્ટનન્ટ અતુલ કુમાર ધુલ અને SLT આસ્થા પુનિયાને રીઅર એડમિરલ જનક બેવલી, ACNS (એર) તરફથી પ્રતિષ્ઠિત વિંગ્સ ઓફ ગોલ્ડ એવોર્ડ એનાયત કરાયો છે.



નૌસેનાએ X પોસ્ટ દ્વારા માહિતી આપી હતી કે આસ્થા પુનિયા નૌસેના ઉડ્ડયનના ફાઈટર સ્ટ્રીમમાં જોડાનાર પ્રથમ મહિલા પાઈલટ બન્યા છે. આસ્થા પુનિયા કયું ફાઈટર એરક્રાફ્ટ ઉડાવશે તે અંગે હાલ કોઈ સત્તાવાર માહિતી અપાઈ નથી. જો કે, ભારતીય નૌસેના અમુક ખાસ પ્રકારના ફાઈટર એરક્રાફ્ટ છે, જે INS વિક્રમાદિત્ય અને INS વિક્રાંત પરથી ઉડાન ભરી શકે છે. નૌસેનાનું મિગ-૨૯ ફાઈટર એરક્રાફ્ટ છે. જેને વિશેષ રીતે ડિઝાઈન કરાયું છે. તેની કોમ્બેટ રેન્જ ૭૨૨ કિ.મી. છે અને સામાન્ય રેન્જ ૨૩૪૬ કિ.મી. છે. તે ૪૫૦ કિલોગ્રામના ચાર બોમ્બ, મિસાઈલો અને અન્ય હથિયારો લઈ જવાની ક્ષમતા ધરાવે છે.

### ભગવાન શ્રીરામને વાલીપત્ની તારાએ આપેલ શ્રાપ..

# "આગલા અવતારમાં તેમનું મૃત્યુ મારા પતિ વાલી દ્વારા થશે"

## નરકમાં નિવાસ સારો પણ દુર્જનનો સંગ ન કરવો

**હિ**ન્દુ પૌરાણિક ગ્રંથોમાં અનેક વરદાન અને શ્રાપોનું વર્ણન જોવા મળે છે. આ શ્રાપ અને વરદાનોની પાછળ કોઈને કોઈ વાર્તા અને કારણ હોય છે. આ શ્રાપ અને વરદાનોની પાછળ ભવિષ્યમાં ઘટનાર ઘટના કારણભૂત હોય છે. નિરાકાર પ્રભુ પરમાત્માને સંતપ્રેમ આકાર આપે છે. નિર્ગુણનિરાકાર પરમાત્મા સંતો ભક્તો માટે સગુણ સાકાર બને છે, પરમાત્મા ધરતી ઉપર નિરાકારમાંથી સાકાર થાય છે.

કૂર્મ અવતારના સમય દરમ્યાન સમુદ્ર મંથનમાંથી ચૌદ રત્નો નીકળ્યા હતા જેમાં વિવિધ દૈવી અપ્સરાઓ હતી. જેમાંની એક તારા હતી. વાલીના પિતા ઈન્દ્રદેવે સમુદ્ર મંથનમાં મદદ કરી હતી તેથી તારા નામની અપ્સરાને ઈન્દ્ર લઈ ગયા હતા અને તેમનાં લગ્ન વાનરરાજ વાલી સાથે કર્યા હતા. ભગવાન શ્રીરામે કિષ્કિંધાના વાનરોના રાજા ઈન્દ્રપુત્ર વાલીને છળ કરીને માર્યો હતો તેથી વાલી પત્ની તારાએ ભગવાન શ્રીરામને શ્રાપ આપ્યો હતો કે "આગલા અવતારમાં તેમનું મૃત્યુ મારા પતિ વાલી દ્વારા થશે." ભગવાન વિષ્ણુ દ્વાપર યુગમાં શ્રીકૃષ્ણના રૂપમાં અવતાર લે છે ત્યારે અવતાર કાર્યના અંતે એક જરા નામનો પારધી કે જે વાલીનો જ બીજો અવતાર હતો તેમના દ્વારા ભગવાન શ્રીકૃષ્ણનો દેહત્યાગ થાય છે.



## હિન્દુ પૌરાણિક ગ્રંથોમાં વર્ણવેલ મુખ્ય પંદર શ્રાપ..

ભાગ-૪

આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

આવો મૂળ કથા જોઈએ. ચૌદ વર્ષના વનવાસ દરમ્યાન સીતાજીનું હરણ થાય છે ત્યારે સીતાશોધ માટે શ્રીરામલક્ષ્મણ હનુમાનજીના માધ્યમથી સુગ્રીવ સાથે મિત્રતા કરે છે ત્યારે શ્રીરામ પુછે છે કે તમે કિષ્કિંધાનગરી છોડીને અહીંઋષ્યમૂક પર્વત ઉપર કેમ રહો છો? ત્યારે સુગ્રીવ કહે છે કે હું અને વાલી બે ભાઈઓ છીએ. એકવાર મયદાનવનો પૂત્ર માયાવી અડધી રાત્રે અમારા નગરમાં આવે છે અને યુદ્ધ માટે લલકારે છે. વાલી શત્રુના પડકારને સહન ન કરી શક્યો અને તે દોડ્યો તો માયાવી ભાગીને એક પર્વતની ગુફામાં પેસી ગયો, હું પણ ભાઈ સાથે ગયો. વાલીએ મને કહ્યું કે તમે પંદર દિવસ સુધી રાહ જોજો અને હું ના આવું તો જાણી લેજો કે હું માર્યો ગયો છું. મેં એક મહિના સુધી રાહ જોઈ રહ્યો ત્યાં ગુફામાંથી લોહીની મોટી ધારા નીકળી તેથી હું સમજ્યો કે માયાવીએ વાલીને મારી નાખ્યો છે અને બહાર આવીને મને મારશે તેથી ગુફાના દ્વાર ઉપર મોટી શિલા મુકી નગરમાં આવી ગયો.

મંત્રીઓએ નગરને સ્વામી વિનાનું જાણી મને રાજ્ય આપ્યું. વાલી માયાવીને મારીને આવી પહોંચ્યો. મને રાજસિંહાસન ઉપર જોઈને તેને શંકા ગઈ, તે સમજ્યો કે હું રાજ્યના લોભથી ગુફાના દ્વાર ઉપર શિલા મુકીને આવ્યો હતો. વાલીએ મને શત્રુ સમજી ઘણો માર્યો. મારૂં સર્વસ્વ અને મારી પત્નીને પડાવી લીધી. હું જ્યાં ગયો ત્યાં વાલીએ મારો પીછો કર્યો. વાલીએ કર્મનું સાક્ષાત રૂપ છે અને સુગ્રીવ એ જીવ છે.જીવ ગમે ત્યાં જશે પણ કર્મ એનો પીછો કરશે. રાવણને છ મહિના બગલમાં દબાવ્યો એનો અર્થ એ છે કે કર્મની આગળ રાવણ જેવો મહારથી પણ પરાજીત થાય છે. વાલી ઋષિઓના શ્રાપના લીધે ઋષ્યમૂક પર્વત ઉપર આવી શકતો નથી. કર્મ કોઈને છોડતું નથી. કર્મથી બચવું હોય તો ઋષ્યમૂક પર્વત ઉપર જાઓ. ઋષ્યમૂક પર્વત એટલે સત્સંગ. સત્સંગમાં બેસશો ત્યાં સુધી કર્મની સત્તા નડશે નહી. નરકમાં નિવાસ સારો પણ દુર્જનનો સંગ ન કરવો. શ્રી રામે કહ્યું કે હું એક જ બાણથી વાલીને મારી નાખીશ. બ્રહ્મા કે રૂદ્રના શરણમાં જવા છતાં તેના પ્રાણ બચશે નહીં.

જે લોકો મિત્રના દુઃખે દુઃખી થતા નથી તેમને જોવાથી જ મોટું પાપ લાગે છે. પોતાના પર્વત સમાન દુઃખને ધૂળની સમાન અને મિત્રના ધૂળ સમાન દુઃખને મેરૂની સમાન જાણે, મિત્રને કુમાર્ગે જતાં રોકી સારા માર્ગે ચલાવે, એના ગુણોને પ્રગટ કરે અને અવગુણોને છુપાવે. આ મિત્રના લક્ષણો છે અને જે સામે મળતાં મીઠા વચનો કહે અને પીઠ પાછળ બુરાઈ કરે તથા મનમાં કપટ રાખે એવા કુમિત્રને છોડી દેવો. મૂર્ખ સેવક, કંજૂસ રાજા, કુલટા સ્ત્રી અને કપટી મિત્ર શૂળની જેમ પીડા આપનાર છે. ત્યારબાદ સુગ્રીવને વાલી પાસે મોકલ્યો. હું વૃક્ષની પાછળ ઉભો છું અને મને લાગશે ત્યારે બાણ મારીશ. વાલી સુગ્રીવ વચ્ચે ભયંકર યુદ્ધ થયું અને વાલીના પ્રહારથી ઘાયલ થઈ સુગ્રીવ ભાગ્યો અને શ્રીરામને કહે છે કે તમે બાણ કેમ ન ચલાવ્યું? ત્યારે પ્રભુ કહે છે કે તમારા બંન્ને ભાઈઓ એકસરખા જ લાગો છો અને ક્યાંક તને બાણ વાગે તો દુનિયા એમ કહે કે રામે મિત્રદ્રોહ કર્યો. હવે આખી દુનિયાના ચહેરા બનાવ્યા એને ખબર ન હોય કે કયો વાલી અને કયો સુગ્રીવ? સુગ્રીવના શરીર ઉપર હાથ ફેરવી તેનું શરીર વજ્ર સમાન કરી દીધું અને નિશાની માટે ગળામાં ફુલની માળા પહેરાવી અને ફરીથી અનેક પ્રકારે યુદ્ધ થયું અને છેલ્લે શ્રીરામે ઝાડ પાછળ છુપાઈને વાલીના હૃદયમાં બાણ માર્યું, વાલીને બ્રહ્માજીનું વરદાન હતું કે જે વ્યક્તિ યુદ્ધ કરવાના ઈરાદાથી એની સામે આવશે તો એનું અડધું બળ વાલીમાં આવી જશે એટલે શ્રીરામે વરદાનની મર્યાદા રાખવા ઝાડ પાછળ છુપાઈને બાણ માર્યું હતું. વાલી ધરતી ઉપર પડી ગયો અને કઠોર વચનમાં કહે છે કે આપે ધર્મની રક્ષા માટે અવતાર લીધો છે અને મને શિકારીની જેમ છુપાઈને માર્યો? હું વૈરી અને સુગ્રીવ પ્રિય! હે નાથ! કયા દોષે આપે મને માર્યો? હું ન્યાય માંગુ છું. શ્રીરામ કોઈને તેના ગૂન્હા વગર મારતા નથી, કર્મનો જ હિસાબ આપે છે. શ્રીરામ કહે છે કે *અનુજ પ્રિયા ભગિની સૂત નારી, સુનુ શઠ એ કન્યા સમ ચારી..* હે મૂર્ખ! સાંભળ.. નાનાભાઈની સ્ત્રી, બહેન, પુત્રવધૂ અને દિકરી આ ચારેય સમાન છે, તેમની સાથે દિકરી અને બાપ જેવો સબંધ રખાય. જો કોઈ એમની ઉપર કુદ્રષ્ટિથી જોઈ તો તેને મારવામાં કોઈ પાપ લાગતું નથી. તારા નાનાભાઈ સુગ્રીવની પત્નીને તે પોતાના શયનખંડમાં રાખી છે. તને અત્યંત અભિમાન છે, તે પોતાની પત્નીની શિખામણ કાને ધરી નહી.



વાલીને પાપનું સ્મરણ થયું અને કહે છે કે હે પ્રભુ ! અંતકાળે આપની શરણ પામીને હું હજુ પાપી રહ્યો? વાલીની કોમળ વાણી સાંભળી શ્રીરામે તેના મસ્તક ઉપર હાથથી સ્પર્શ કરી કહ્યું કે હું તને અમર બનાવી દઉં ત્યારે વાલી કહે છે કે મુનિજનો જન્મોજન્મ અનેક પ્રકારનાં સાધન કરતા રહે છે છતાંય અંતકાળે તેઓના મુખથી રામ નામ નીકળતું નથી. જેમના નામના બળથી શિવજી કાશીમાં સર્વને સમાનરૂપથી અવિનાશીની ગતિ (મુક્તિ) આપે છે તે રામ પરબ્રહ્મ મારી નજર સામે ઉભા છે, આવો સંજોગ શું ફરી ક્યારેય બની શકશે? આપને છોડીને આ નશ્વર શરીરનું રક્ષણ કોન માંગે? હે નાથ! મારા ઉપર દયાદ્રષ્ટિ કરી હું જે વર માંગુ તે આપો. હું કર્મવશાત્ જે યોનિમાં જન્મ લઉં ત્યાં આપના ચરણોમાં પ્રેમ કરૂં. આ મારો પુત્ર અંગદ વિનય અને બળમાં મારા સમાન છે તેનો સ્વીકાર કરી પોતાનો દાસ બનાવો. જગતનો સાચો વાલી એ છે જે પોતાના દિકરાનો હાથ રામના હાથમાં સોંપે. આમ કહી વાલીએ જેમ હાથી પોતાના ગળામાંથી ફુલોની માળા પડે તે જાણતો નથી તેમ સહેલાઈથી શરીરને છોડી દીધું. યોગીનું મૃત્યુ થાય એવું વાલીનું મૃત્યુ થયું. શ્રીરામે વાલીની પોતાના પરમધામમાં મોકલી દીધો.

વાલીની પત્ની તારા આવીને અનેક પ્રકારે વિલાપ કરવા લાગી. તારાને વ્યાકુળ જોઈ શ્રીરામે તેને જ્ઞાન આપ્યું અને તેની માયા(અજ્ઞાન) હરી લીધી. શ્રીરામે કહ્યું કે છિતિ જલ પાવક ગગન સમીરા, પંચ રચિત અતિ અધમ શરીરા.. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશઆ પાંચ તત્વોથી આ અત્યંત અધમ શરીર રચવામાં આવ્યું છે, તે શરીર તો પ્રત્યક્ષ તમારી સામે પડ્યુ છે અને જીવ નિત્ય છે પછી તું શા માટે રડી રહી છે? તારાને જ્યારે જ્ઞાન ઉત્પન્ન થયું ત્યારે ભગવાનના ચરણે પડી અને તેને પરમભક્તિનું વરદાન માંગી લીધું.

## બોઈંગ એરક્રાફ્ટની સુરક્ષાને લઈને સવાલ ઉઠી રહ્યા છે

# ૧૦ વર્ષમાં ૬૦૦૦ પ્લેન ક્રેશ અને ૯૦૦૦ લોકોના મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

અમદાવાદની ભયાનક વિમાન દુર્ઘટના બાદ હવાઈ મુસાફરીની સલામતીને લઈને અનેક સવાલ ઉઠી રહ્યા છે. ઍર ઈન્ડિયા બોઈંગ વિમાન AI-171 અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઍરપોર્ટથી ઉડાન ભરી અને માત્ર ૫ મિનિટમાં જ ક્રેશ થઈ અગન ગોળો બની ગયુ. આ દુર્ઘટના બાદથી બોઈંગ વિમાન ફરી એકવાર સવાલોના ઘેરામાં છે. અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના બાદથી અનેક એવી ખબરો આવી છે કે જેમા વિમાનની ઈમરજન્સી લેન્ડીંગ કરાવવી પડી તો ક્યારેક ટેકનિકલ ખામીને કારણે ફ્લાઈટ કેન્સલ કરવી પડી.

વિશ્વભરમાં અનેક વિમાન દુર્ઘટનાઓ થઈ પરંતુ સૌથી વધુ આઘાતજનક એ છે કે છેલ્લા એક દાયકામાં થયેલી વિમાન દુર્ઘટનાઓમાંથી લગભગ અડધો અડધ પ્લેન દુર્ઘટના બોઈંગ ઍરક્રાફ્ટમાં થઈ. જો ફક્ત ભારતની વાત કરવામાં આવે તો છેલ્લા એક દાયકામાં બે મોટી વિમાન દુર્ઘટના થઈ અને બંને વિમાન બોઈંગના જ હતા. હવે સવાલ એ છે કે જે ઍરક્રાફ્ટ એક સમયે સૌથી વધુ ભરોસાપાત્ર હતા તો હવે સવાલોના ઘેરમાં છે ? કેમ બોઈંગ ઍરક્રાફ્ટની સુરક્ષાને લઈને સવાલ ઉઠી રહ્યા છે.

૧૬૧.૩૬ અબજ ડૉલરની નેટવર્થ ધરાવતી બોઈંગ કંપની દુર્ઘટનાઓને લઈને બદનામ થઈ ગઈ છે. અમેરિકી અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર બોઈંગના ૧૦૮ વર્ષના ઈતિહાસમાં ૬૦૦૦થી વધુ પ્લેન ક્રેશ થયા. આ દુર્ઘટનાઓમાં ૯૦૦૦થી વધુ લોકોના મોત થયા. બોઈંગ વિમાનોની ૪૫૦ થી વધુ દુર્ઘટના થઈ, જેમા બે દુર્ઘટના તો એવી છે કે જેમા ૫૮૩ લોકો મૃત્યુ પામ્યા હતા. બોઈંગ વિમાનોની સલામતી અને ટેકનિકલ ક્ષતિઓ પહેલા પણ સમાચારોની હેડલાઈન બની ચુકી છે. ક્યારેક ઍરલાઈનની બેટરીની ખામી સામે આવી તો ક્યારેક હવામાં વિમાનનો દરવાજો તૂટી જવો.

વર્ષ ૨૦૧૩માં બોઈંગના ડ્રીમલાઈનરની બેટરની સમસ્યા આવી, બોઈંગના લિથિયમ ઓયન બેટરી ગરમ થવાથી જાપાનના બે વિમાનોમાં આગ લાગી ગઈ. જે બાદ બોઈંગના ડ્રીમલાઈનરને ત્રણ મહિના માટે ઉડાન ભરવા પર રોક લગાવી દેવાઈ હતી. વર્ષ ૨૦૧૩માં લંડનમાં રનવે પર ઊભેલા વિમાનમાં આગ લાગી ગઈ. જેનુ કારણ શોર્ટ સર્કિટ બતાવાયુ હતુ. વર્ષ ૨૦૨૧માં તપાસ દરમિયાન ડ્રીમ લાઈનના ૧૦૦ થી વધુ વિમાનોમાં ઈલેક્ટ્રીક સિસ્ટમમાં ખામી સામે આવી. જે બાદ તેને ગ્રાઉન્ડેડ કરી દેવાયા.

વર્ષ ૨૦૨૪ માં સિડનીના ઓકલેન્ડ જનારા બોઈંગ વિમાન અધવચ્ચે આકાશમાં જ હાલકડોલક થવા લાગ્યુ. એજ વર્ષે સાન ફ્રાન્સિસ્કો જનારા વિમાનની વિન્ડસ્કીન હવાથી ક્રેક

## બોઈંગ ઍરક્રાફ્ટ પર ભલે સવાલ ઉઠતા રહ્યા હોય પરંતુ કંપીનીને મળનારા ઓર્ડરમાં કોઈ જ કમી આવી નથી

થઈ ગઈ. વર્ષ ૨૦૨૪મા અલાસ્કા ઍરલાઈન્સની ઉડાન દરમિયાન બોઈંગ વિમાનનો એક દરવાજો તૂટી ગયો. આ દુર્ઘટના બાદ બોઈંગને ૧૬૦ મિલિયન ડૉલરનું નુકસાન આપવુ પડ્યુ હતુ. એટલુ જ નહીં બોઈંગ વિમાનોને લઈને ક્યારેક આગની ચેતવણી તો ક્યારેક વિન્ડસ્કીનમાં તિરાડો અને ક્યારેલ લેન્ડીંગ ગિયર ફસાવા જેવી ફરિયાદો નોંધાઈ છે.

બોઈંગ વિમાનોની સુરક્ષાને લઈને અનેક સવાલ ઉઠ્યા છે, પરંતુ જેમણે પણ ખામીઓને બહાર લાવવાની કોશિષ કરી તેમની મૃત્યુ થઈ ગઈ. બોઈંગના એક એન્જિનિયક જોશુઆ ડીને ૭૩૭ મેક્સ વિમાનના મેન્યુફેક્ચરિંગ ખામીની વાત કરી હતી તેને નોકરીમાંથી કાઢી મુકવામાં આવ્યો અને વર્ષ ૨૦૨૪માં હોસ્પિટલમાં તેનુ મોત થઈ ગયુ. વર્ષ ૨૦૧૯માં બોઈંગની ક્વોલિટી કંટ્રોલ મેનેજર ડૉન બર્નેટે પણ બોઈંગ ૭૮૭ ડ્રીમ લાઈનર પર સવાલ ઉઠાવ્યો અને કંપની પર કેસ કરી દીધો પરંતુ વર્ષ ૨૦૨૪માં તેનુ પણ મૃત્યુ થઈ ગયુ. બોઈંગની માત્ર પેસેન્જર ફ્લાઈટ નહીં પરંતુ મિલિટ્ર ઍરક્રાફટમાં પણ ખામીઓ જણાઈ છે. અનેકવાર સવાલ ઉઠ્યા છે પરંતુ છતા કંપનીને ઓર્ડર પર ઓર્ડર મળતા રહે છે. અમદાવાદમાં ઍર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનપ વિમાન મોડલ પ્રથમવાર દુર્ઘટનાનો ભોગ બન્યુ હતુ. પરંતુ બોઈંગના અન્ય વિમાનોની સાથે ૬૦૦૦ થી વધુ દુર્ઘટનાઓ થઈ ચુકી છે. અલગ અલગ દુર્ઘટનાઓમાં ૯૦૦૦ થી વધુ લોકોના જીવ ગયા છે. ઈન્ટરનેશનલ એવિએશનલ ઓર્ગેનાઈજેશન એટલે કે ICAO ના ડેટા અનુસાર વર્ષ ૨૦૧૩ થી લઈને ૨૦૨૪ સુધીમાં વિશ્વભરમાં લગભગ ૫૬ વિમાન દુર્ઘટનાઓ થઈ છે. જેમા ૧૯ દુર્ઘટનાઓમાં બોઈંગના વિમાન હતા. માત્ર ભારતની વાત કરીએ તો છેલ્લા ૧૦ વર્ષમાં બે મોટી વિમાન દુર્ઘટનાઓ થઈ છે અને બંનેમાં બોઈંગના જ વિમાન સામેલ હતા. ઓગસ્ટ ૨૦૨૦માં કોઝિકોડમાં ઍર ઈન્ડિયાનું બોઈંગ ૭૩૭-8HG વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયુ અને વર્ષ ૨૦૨૫માં ૬ જૂન અમદાવાદમાં ઍર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈન ભયંકર રીતે ક્રેશ થઈ ગયુ.

બોઈંગ ઍરક્રાફ્ટ પર ભલે સવાલ ઉઠતા રહ્યા હોય પરંતુ કંપીનીને મળનારા ઓર્ડરમાં કોઈ જ કમી આવી નથી. વર્ષ ૨૦૨૫માં તો કંપની માટે સૌથી સારુ રહ્યુ છે. આ વર્ષે કંપનીને ૫૧૨ બોઈંગ વિમાનના ઓર્ડર મળ્યા છે. જે તેની પ્રતિદ્વંદી કંપની ઍરબસની સરખામણીએ બેગણા વધુ છે. જો માત્ર ભારતની વાત કરીએ તો ઍર ઈન્ડિયા પાસે બોઈંગના ૧૩૨ ઍરક્રાફટ છે, ઈન્ડિગો પાસે ૦૭, અકાસા પાસે ૩૦ અને સ્પાઈસ જેટ પાસે ૨૯ બોઈંગ પ્લેન છે. બોઈંગ અમેરિકી એવિએશન કંપની છે. વર્ષ ૧૯૧૬ માં સ્થાપિત બોઈંગ દુનિયાની પ્રમુખ વાણિજ્યિક વિમાન નિર્માતા કંપની છે. કંપનીના વિમાન ૧૫૦થી વધુ દેશોમાં ઉડાન ભરે છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

BCCIની ગાઈડલાઈન્સનો કર્યો ભંગ

## ટીમ ખાતર ક્રિકેટર રવીન્દ્ર જાડેજાએ મોટું પગલું ભર્યું

**જાડેજા જાણતો હતો કે લીડ્સમાં ભારતનો લોઅર ઓર્ડર બે વાર ભાંગી પડ્યો હતો, તેથી તે કોઈ જોખમ લેવા માંગતો ન હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બર્મિંગહામ, તા.૦૪ :** ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ એજબેસ્ટન ટેસ્ટના બીજા દિવસે પોતાના બેટથી અદ્ભુત પ્રદર્શન કર્યું. તેણે શુભમન ગિલ સાથે બેવડી સદીની ભાગીદારી કરીને ટીમને ૫૦૦ થી વધુના સ્કોર સુધી પહોંચવાનો માર્ગ મોકળો કર્યો હતો. જોકે તેના માટે તેણે BCCI દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરવું પડ્યું.

એક અહેવાલ અનુસાર જાડેજાએ બર્મિંગહામ ટેસ્ટના બીજા દિવસે BCCI ની નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SoPs) નો ભંગ કર્યો. ઓસ્ટ્રેલિયા પ્રવાસ પછી, BCCI એ નિયમ બનાવ્યો હતો કે કોઈ પણ ખેલાડી મેદાન પર કે મેદાનની બહાર એકલો નહીં જાય, તેઓ બધા ટીમ બસમાં સાથે મુસાફરી કરશે.રવીન્દ્ર જાડેજા બીજા દિવસે લાઈન ભંગ કરીને જલદી મેદાને પહોંચ્યો. જોકે, તેનો નિર્ણય ટીમના હિતમાં હતો, જેના કારણે તેને કોઈ સજા નહીં મળે. ખરેખર, પહેલા દિવસના અંતે, ઈંગ્લેન્ડે નવો બોલ લીધો, જાડેજા દિવસના અંત સુધી ૪૧ રન પર બેટિંગ કરી રહ્યો હતો. બીજા દિવસે, તે ટીમ પહેલા મેદાનમાં પહોંચ્યો જેથી તેને બોલ પર નજર રાખવા માટે વધુ સમય મળે અને તે વધુ પ્રેક્ટિસ કરી શકે. જાડેજા જાણતો હતો કે લીડ્સમાં ભારતનો લોઅર ઓર્ડર બે વાર ભાંગી પડ્યો હતો, તેથી તે કોઈ જોખમ લેવા માંગતો ન હતો અને કેપ્ટન શુભમન ગિલ સાથે શક્ય તેટલો લાંબો સમય બેટિંગ કરવા માંગતો હતો. જાડેજાની આ યુક્તિ કામ કરી ગઈ અને તેણે ૮૯ રનની શાનદાર ઈનિંગ રમી. તેણે કેપ્ટન શુભમન ગિલ સાથે ૨૦૩ રનની ભાગીદારી કરી.

જાડેજા આઉટ થયા પછી, ગિલ એક છેડે મજબૂત રીતે ઉભા રહ્યા અને ૨૬૯ રનની શાનદાર ઈનિંગ રમીને ભારતને ૫૮૭ ના સ્કોર સુધી પહોંચાડ્યું. ગિલ સેના દેશોમાં સદી ફટકારનાર પ્રથમ એશિયન કેપ્ટન બન્યો છે, જ્યારે ભારતીય કેપ્ટન તરીકે ટેસ્ટ ક્રિકેટમાં આ તેની સૌથી મોટી ઈનિંગ છે. આ ઉપરાંત, ગિલે ઘણા રેકોર્ડ પણ તોડ્યા છે.

## ગલૂડિયું કરડી જવા છતાં એન્ટી રેબિઝ ઈન્જેક્શન ન લેતા ખેલાડીનું નિધન






(સંપૂર્ણ સમાચાર સેવા)

**બુલંદશહેર, તા.૦૪ :** ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં રાજ્ય સ્તરીય ૨૨ વર્ષીય કબડ્ડી ખેલાડી બૃજેશ સોલંકીએ શ્વાનના કરડ્યા બાદ કથિત રૂપે હડકવાંની રસી નહતી લીધી, જેના કારણે તેમનું મૃત્યું નિપજ્યું. ખેલાડીના મૃત્યુ બાદથી પરિજનો શોકમાં ગરકાવ છે.

મળતી માહિતી મુજબ, બૃજેશ સોલંકી ખુર્જાનગર કોતવાલી વિસ્તારના ફરાના ગામનો નિવાસી હતો. તેને લગભગ બે મહિના પહેલાં એક શ્વાન કરડ્યું હતું. પરંતુ, તેણે આ ઘટનાને ગંભીરતાથી ન લીધી. બાદમાં ૨૮ જૂને અચાનક તેની તબિયત ખરાબ થવા લાગી. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, તેમ છતાં તે બચી ન શક્યો.

બૃજેશના ભાઈ સંદીપે આ વિશે વાત કરતા જણાવ્યું કે, બે મહિના પહેલાં એક ગલુડિયું નાળામાં ફસાઈ ગયું હતું. તેને બચાવવાના પ્રયાસમાં ગલુંડિયું બૃજેશની આંગળી પર કરડી ગયું. એ સમયે બૃજેશે વિચાર્યું કે, આ કોઈ ગંભીર બાબત નથી અને તેણે હડકવાની રસી ન લીધી. બાદમાં અલીગઢની એક ખાનગી હોસ્પિટલે પુષ્ટિ કરી કે, તેને કોઈ જાનવરે કરડ્યું હતું, કદાચ વાંદરો અથવા શ્વાન. બૃજેશના મોત બાદ સ્વાસ્થ્ય વિભાગની ટીમે તેની હિસ્ટ્રી લઈને પરિવાર સાથે ડૉક્ટર્સના ગામમાં ૨૯ લોકોને હડકવાની રસી લગાવી છે. આ સિવાય તમામને અપીલ કરી કે, જે પણ બૃજેશના સંપર્કમાં આવ્યા હતા, તે તુરંત રસી લગાવી લે. નોંધનીય છે કે, બૃજેશનો એક વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે હડકવાના કારણે તડપતો જોવા મળી રહ્યો છે. જેને જોઈને સૌ કોઈ દુઃખી થઈ ગયા.

ભારતીય સૈન્યના વરિષ્ઠ અધિકારી લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહનો દાવો

# ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત ત્રણ શત્રુ દેશો સાથે લડી રહ્યું હતું




**પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન ચીન પાકિસ્તાનને લાઈવ અપડેટ્સ આપી રહ્યું હતું : આ ઉપરાંત તુર્કીયે પણ તેની મદદ કરી રહ્યું હતું : રાહુલ સિંહ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાનો બદલો લેવા માટે ભારતીય આર્મી ફોર્સે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને POKમાં આતંકી ઠેકાણો પર હુમલો કર્યો હતો. હવે ભારતીય સૈન્યના વરિષ્ઠ અધિકારી લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહે દાવો કર્યો છે કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત એક રીતે ત્રણ શત્રુ દેશો સાથે લડી રહ્યું હતું. પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન ચીન પાકિસ્તાનને લાઈવ અપડેટ્સ આપી રહ્યું હતું. આ ઉપરાંત તુર્કીયે પણ તેની મદદ કરી રહ્યું હતું. આ રીતે ભારતીય સેના એક સરહદ પર ત્રણ શત્રુ દેશો સાથે લડી રહી હતી. ડેપ્યુટી આર્મી ચીફ રાહુલ સિંહે FICCI દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું કે, ચીન યુદ્ધ દરમિયાન પાકિસ્તાનને લાઈવ અપડેટ્સ આપી રહ્યું હતું. આ રીતે, ચીન પાકિસ્તાનને સંપૂર્ણ મદદ કરી રહ્યું હતું અને તેણે કોઈ કસર ન છોડી.

નવા યુગની મિલિટ્રી ટેક્નોલોજી વિષય પર આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરતા લેફ્ટનન્ટ જનરલે કહ્યું કે, આપણી પાસે સરહદ એક હતી, પરંતુ શત્રુ બે હતા અને વાસ્તવમાં ત્રણ હતા. પાકિસ્તાન સામે હતું અને ચીન પાછળથી તેને તમામ મદદ કરી રહ્યું હતું. પાકિસ્તાન પાસે જે હથિયારો છે તેમાંથી ૮૧% હથિયાર તો ચીનના જ છે. આ રીતે, ચીને અન્ય હથિયારો સામે પોતાના હથિયારોનું ટેસ્ટિંગ પણ કરી લીધું. આ રીતે ચીન માટે પોતાના હથિયારોના ટેસ્ટિંગના હેતુથી એક લાઈવ લેબ બની ગઈ. આવી જ રીતે તુર્કીયેએ પણ પાકિસ્તાનને પોતાની રીતે સંપૂર્ણ મદદ કરી. જ્યારે DGMO લેવલની ચર્ચા થઈ રહી હતી, ત્યારે પાકિસ્તાનને સંપૂર્ણ અપડેટ્સ ચીન તરફથી મળી રહ્યા હતા. લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહે કહ્યું કે, આપણી પાસે એક મજબૂત એર ડિફેન્સ રહેવી જ જોઈએ જેથી આપણે પાકિસ્તાન અને ચીનના જોખમનો એકસાથે સામનો કરી શકીએ. સંપૂર્ણ ઓપરેશન દરમિયાન હવાઈ સુરક્ષા કેવી રહી તે મહત્ત્વપૂર્ણ છે. આ વખતે આપણા નાગરિકોને વધારે નુકસાન ન થયું, પરંતુ આપણે આપણી એર ડિફેન્સ સિસ્ટમને વધુ મજબૂત કરવી પડશે. તેમણે આ દરમિયાન ભારતીય સેનાની પ્રશંસા કરી અને કહ્યું કે, આપણે પાકિસ્તાનમાં ખૂબ જ સટીકતા સાથે હુમલા કર્યા અને એ જ ઠેકાણાને ટાર્ગેટ કર્યા, જ્યાંથી આતંકવાદીઓને ટ્રેનિંગ મળી રહી હતી. તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂરમાંથી આપણે આપણને કેટલીક સીખ પણ મળી છે. નેતૃત્વ તરફથી અમને સ્પષ્ટ સંદેશ હતો. એવું કહેવામાં આવ્યું હતું કે, આપણે જે પીડા સહન કરી છે તેને ભૂલવાની જરૂર નથી. આવું આપણે થોડા વર્ષો પહેલા કરતા હતા. ડેટાના આધાર પર અમે ટાર્ગેટ નક્કી કર્યા અને પછી યોજના બનાવીને હુમલા કર્યા. આ માટે અમે ટેક્નોલોજી અને હ્યૂમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કર્યો. અમે કુલ ૨૧ ટાર્ગેટની જાણકારી હાંસલ કરી અને અમે તેમાંથી ૯ ને નિશાન બનાવ્યા. એટલું જ નહીં અમે છેલ્લી ઘડીએ નક્કી કર્યું કે કયા ૯ સ્થળોને ટાર્ગેટ કરવાના છે.

### લલિત મોદી-વિજય માલિયા એકસાથે જોવા મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લંડન, તા.૦૪**

લંડનમાં લલિત મોદી અને વિજય માલ્યાનો એક વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં બંને એકબીજા સાથે ગીતો ગાતા જોવા મળે છે. બંનેએ ફ્રેન્ક સિનાત્રાનું પ્રખ્યાત ગીત 'And now, the end is near.' ગાયું હતું. આ વીડિયો લલિત મોદીએ પોતે સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો, ત્યારબાદ તે ઈન્ટરનેટ પર વાયરલ થયો હતો. આ પાર્ટીમાં ૩૧૦ થી વધુ મહેમાનો હાજર રહ્યા હતા, જેમાં આંતરરાષ્ટ્રીય મહેમાનો અને ક્રિકેટર ક્રિસ ગેલનો પણ સમાવેશ થાય છે.

લલિત મોદી, જે IPLમાં નાણાકીય ગેરરીતિઓના આરોપો બાદ ૨૦૧૦માં ભારત છોડીને ભાગી ગયો હતો. તે FEMA અને મની લોન્ડરિંગના કેસમાં ભારતમાં વોન્ટેડ છે. વિજય માલ્યા ૨૦૧૬ માં ભારત છોડીને ગયો હતો. તેમની કંપની કિંગફિશર એરલાઈન્સ પડી ભાંગી છે. તેમના પર બેંક છેતરપિંડી અને ૯૦૦ કરોડ રૂપિયાના IDBI લોનનો આરોપ છે. ભારતે બંનેના પ્રત્યાર્પણની માંગ કરી છે, પરંતુ તેઓ હજુ પણ બ્રિટનમાં કાનૂની આશ્રય ભોગવી રહ્યા છે. ભારતમાં તેમને ભાગેડુ ગુનેગાર જાહેર કરવામાં આવ્યા છે.

બ્રિટનની હાઈકોર્ટે નાદારીના આદેશ સામે માલ્યાની અપીલ ફગાવી દીધી હતી. મોદીએ કહ્યું હતું કે, તેમની સામેના કેસ રાજકીય રીતે પ્રેરિત છે. વિજય માલ્યાએ સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે, મારી ૧૪,૧૩૧ કરોડ રૂપિયાની મિલકત જપ્ત કરવામાં આવી છે, જે મારા પર બાકી દેવા કરતાં ઘણી વધારે છે. આનો લલિત મોદીનો જવાબ હતો કે, આ પણ પસાર થઈ જશે.

મથુરા શ્રી કૃષ્ણ જન્મભૂમિ કેસમાં હિન્દુ પક્ષને ઝટકો

# હાઈકોર્ટે ઈદગાહને વિવાદાસ્પદ માળખું તરીકે સ્વીકારવાનો ઇનકાર કર્યો

**કોર્ટે કહ્યું કે હાલના તથ્યો અને અરજીના આધારે, ઈદગાહને હાલમાં વિવાદિત માળખું જાહેર કરી શકાય નહીં**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મથુરા, તા.૦૪**

મથુરામાં સ્થિત શ્રી કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે મોટો નિર્ણય આપ્યો છે. કોર્ટે શાહી ઈદગાહને વિવાદિત માળખું માનવાનો ઈનકાર કર્યો છે. આ નિર્ણય જસ્ટિસ રામ મનોહર મિશ્રાની સિંગલ બેન્ચે સંભળાવ્યો હતો. કોર્ટે કહ્યું કે, હાલના તથ્યો અને અરજીના આધારે, ઈદગાહને હાલમાં વિવાદિત માળખું જાહેર કરી શકાય નહીં. હિન્દુ પક્ષે દાવો કર્યો હતો કે શ્રી કૃષ્ણના જન્મસ્થળ પર સ્થિત પ્રાચીન મંદિરને તોડીને ઈદગાહ બનાવવામાં આવી હતી.

હિન્દુ પક્ષના વકીલ મહેન્દ્ર પ્રતાપ સિંહે ૫ માર્ચ, ૨૦૨૫ના રોજ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેમાં માંગ કરવામાં આવી હતી કે મથુરામાં શાહી ઈદગાહ મસ્જિદને વિવાદિત માળખું જાહેર કરવામાં આવે. આ અંગેની ચર્ચા ૨૩ મેના રોજ અલ્હાબાદ હાઈકોર્ટમાં પૂર્ણ થઈ હતી અને કોર્ટે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો.

હિન્દુ પક્ષ મહેન્દ્ર પ્રતાપ સિંહ એડવોકેટે મથુરાના કલેક્ટર એફએસ ગ્રુસને મસીર-એ-આલમ ગિરીના સમયમાં લખાયેલા ઈતિહાસના પુસ્તકોનો ઉલ્લેખ કરીને કોર્ટને જણાવ્યું હતું કે ત્યાં પહેલા એક મંદિર હતું, આજ સુધી શાહી ઈદગાહ મસ્જિદ પક્ષ કોર્ટમાં ત્યાં મસ્જિદનો કોઈ પુરાવો રજૂ કરી શક્યો નથી. ઉપરાંત, ન તો ખસરા ખતૌનીમાં મસ્જિદનું નામ ઉલ્લેખિત છે અને ન તો મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તેનો કોઈ રેકોર્ડ છે. ન તો કોઈ કર ચૂકવવામાં આવી રહ્યો છે. તેમનો દાવો છે કે શાહી ઈદગાહ મેનેજમેન્ટ કમિટી સામે વીજળી ચોરીનો રિપોર્ટ પણ દાખલ કરવામાં આવ્યો છે, તો પછી તેને મસ્જિદ કેમ કહેવાવી જોઈએ, આવી સ્થિતિમાં મસ્જિદને વિવાદિત માળખું જાહેર કરવી જોઈએ.

ચર્ચા દરમિયાન ખાસ વાત એ હતી કે તમામ હિન્દુ પક્ષોએ મહેન્દ્ર પ્રતાપ સિંહની દલીલોને ટેકો આપ્યો હતો અને ૨૩ મેના રોજ આ કેસમાં ચર્ચા જજ રામ મનોહર નારાયણ મિશ્રાની કોર્ટમાં પૂર્ણ થઈ હતી. જેમાં મહેન્દ્ર પ્રતાપ સિંહે કોર્ટમાં કહ્યું હતું કે, આ બધું ભારતીય પુરાતત્વ સર્વેક્ષણમાં સ્પષ્ટ થઈ જશે. કોર્ટ સમક્ષ કેસનું સ્વરૂપ રજૂ કરતાં તેમણે કહ્યું હતું કે, ફક્ત કોઈની જમીન પર અતિક્રમણ કરવાથી તે જમીન તેની બની શકતી નથી. તેમણે કોર્ટને એમ પણ કહ્યું હતું કે, અયોધ્યામાં રામ મંદિર અને બાબરી મસ્જિદનો કેસ મથુરામાં ભગવાન કૃષ્ણના જન્મસ્થળના કેસ જેવો જ છે.

હિન્દુ પક્ષના મતે, અયોધ્યા કેસમાં નિર્ણય આપતા પહેલા કોર્ટે બાબરી મસ્જિદને વિવાદિત માળખું જાહેર કર્યું હતું, તેથી શાહી ઈદગાહ મસ્જિદને પણ વિવાદિત માળખું જાહેર કરવી જોઈએ. મહેન્દ્ર પ્રતાપ સિંહે કોર્ટને એ પણ માહિતી આપી હતી કે આ અંગેના તમામ પુરાવા રજૂ કરવામાં આવ્યા છે અને ભારત આવેલા તમામ વિદેશી પ્રવાસીઓએ કહ્યું હતું કે આ ભગવાનનું મંદિર છે. ત્યાં કોઈએ મસ્જિદ હોવાનો ઉલ્લેખ કર્યો નથી. કોર્ટમાં અન્ય હિન્દુ પક્ષકારો દ્વારા પણ મહેન્દ્ર પ્રતાપ સિંહની દલીલોને સમર્થન આપવામાં આવ્યું હતું. જોકે, મસ્જિદ પક્ષે આનો સખત વિરોધ કર્યો હતો.

## દેશ વિરુદ્ધ નફરત ફેલાવતા વીડિયો કે પોસ્ટ પર સકંજો કસાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

કેન્દ્ર સરકાર સોશિયલ મીડિયા પર દેશ વિરુદ્ધ નફરત ફેલાવનારાઓ પર સકંજો કસાશે. સોશિયલ મીડિયા પર રાષ્ટ્ર વિરોધી વીડિયો કે પોસ્ટ શેર કરનારા લોકોની હવે બચી શકશે નહીં. અહેવાલો અનુસાર, કેન્દ્રીય ગૃહ મંત્રાલય આ માટે નવી પોલિસી લાવવાની તૈયારી કરી રહ્યું છે. રાષ્ટ્ર વિરોધી કાર્ય કરનારા હેન્ડલ્સને બ્લોક કરવામાં આવશે અને તેમની સામે કડક કાર્યવાહી થશે.

સૂત્રોના જણાવ્યાનુસાર, ઘણી વેબસાઈટ્સ પર દેશ વિરુદ્ધ સામગ્રી પણ અપલોડ કરવામાં આવે છે. આવું કરનારા લોકો સામે હવે કાર્યવાહી થશે. ગુપ્તચર એજન્સીઓના ઉચ્ચ અધિકારીઓએ ગૃહ મંત્રાલયની સંસદીય સમિતિને આ અંગે માહિતી આપી હતી.

સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી લોકો પર નજર રાખવા માટે એક ખાસ ટીમ બનાવવામાં આવશે. આવા લોકોની ઓળખ કરવામાં આવશે અને તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ખાલિસ્તાની ગુરપતવંત સિંહ પન્નુ સહિત ઘણાં રાષ્ટ્રવિરોધી લોકો સોશિયલ મીડિયા પર સક્રિય છે અને તેઓ નફરત ફેલાવી રહ્યા છે. નવી નવી પોલિસી આવ્યા પછી, આવા લોકો પર કાબુ મેળવી શકાય છે. અમેરિકન સરકાર અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથે પણ વાતચીત થઈ રહી છે. કેન્દ્ર સરકાર ઈચ્છે છે કે સોશિયલ મીડિયા કંપનીઓ પણ તેમના સ્તરે દેખરેખ રાખે કે તેમના પ્લેટફોર્મ પર ભારત વિરોધી તત્વો અપલોડ ન થાય. CBI, NIA, રાજ્ય પોલીસ અને આંતરિક સુરક્ષા સાથે સંબંધિત અન્ય એજન્સીઓ ભારત વિરોધી તત્ત્વોના પ્રયાસોને રોકવા માટે એક વ્યૂહરચના પર કામ કરી રહી છે, જેનો અમલ ટૂંક સમયમાં થઈ શકે છે. પહેલગામમાં થયેલા આતંકી હુમલા અને ત્યારબાદ ઓપરેશન સિંદૂર દરમિયાન સોશિયલ મીડિયા પર ઘણી રાષ્ટ્રવિરોધી પોસ્ટ શેર કરવામાં આવી હતી. દેશ વિરોધી લોકો સોશિયલ મીડિયા પર મોટી સંખ્યામાં સક્રિય છે. હવે તેમના પર લગામ લગાવવામાં આવશે.

કંપનીને પાકિસ્તાનથી મોહભંગ થઈ ગયો

## માઈક્રોસોફ્ટે પાકિસ્તાનમાંથી પોતાનો કારોબાર સમેટી લીધો

**કંપનીના પૂર્વ કર્મચારી જાવ્વાદ રહેમાને જાણકારી આપી છે કે, માઈક્રોસોફ્ટે પાકિસ્તાનથી બિઝનેસ સમેટી લીધો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

દિગ્ગજ ટેક કંપની માઈક્રોસોફ્ટે પાકિસ્તાનમાંથી પોતાનો કારોબાર સમેટી લીધો છે. માઈક્રોસોફ્ટે ૭ માર્ચ ૨,૦૦૦ના રોજ પાકિસ્તામાં પોતાનો કારોબાર શરૂ કર્યો હતો અને ૩ જુલાઈ ૨૦૨૫ના રોજ તેના સંચાલનને પૂરી રીતે બંધ કરી દીધો છે. એટલે કે, ૨૫ વર્ષોમાં જ કંપનીને પાકિસ્તાનથી મોહભંગ થઈ ગયો છે. જો કે, આ મહત્વપૂર્ણ નિર્ણય પર માઈક્રોસોફ્ટ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યુ નથી. કંપનીના પૂર્વ કર્મચારી જાવ્વાદ રહેમાને જાણકારી આપી છે કે, માઈક્રોસોફ્ટે પાકિસ્તાનથી પોતાનો બિઝનેસ સમેટી લીધો છે. રહેમાન ૨૦૦૦થી ૨૦૦૭ સુધી કંપની સાથે જોડાયેલા રહ્યા હતા અને પાકિસ્તાનમાં માઈક્રોસોફ્ટને સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી.

એક્સપર્ટ્સનું કહેવું છે કે, માઈક્રોસોફ્ટે રાજનૈતિક અસ્થિરતા અને આર્થિક અનિશ્ચિતતાને જોતા પાકિસ્તાન છોડવું જ યોગ્ય સમજ્યું. વારંવાર સરકાર બદલવી, સતત બગડતી કાનૂની-વ્યવસ્થા, અસ્થિર મુદ્રા, ઊંચા ટેક્સ રેટ અને જટિલ વેપાર નીતિઓએ બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે પાકિસ્તામાં કામ કરવું મુશ્કેલ બનાવી દીધું છે. માઈક્રોસોફ્ટ પણ આ પડકારોથી બચી નથી શક્યું. કંપની માટે તેના ટેકનોલોજી સાધનો અને નફાને પાકિસ્તાન પહોંચાડવાનું મુશ્કેલ બની ગયું હતુ.

આર્થિક મોરચા પર પણ પાકિસ્તાન ઘેરાયેલું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં પાકિસ્તાનની નિકાસ લગભગ ૩૮.૯ અબજ ડોલર રહી, જ્યારે આયાત ૬૩.૩ અબજ ડોલર સુધી પહોંચી ગઈ, જેનાથી ૨૪.૪ અબજ ડોલરની વેપાર ખોટ સામે આવી છે. આ ઉપરાંત, જૂન ૨૦૨૫ સુધી પાકિસ્તાનની કેન્દ્રીય બેંકનું વિદેશી મુદ્રા ભંડાર ઘટીને ૧૧.૫ અબજ ડોલર પર આવી ગયું, જેનાથી કંપનીઓ માટે આવશ્યક હાર્ડવેરનું આયાત કરવું મુશ્કેલ થઈ ગયું છે.

ભારત સાથે વેપાર સંબંધો પર પણ અસર પડી છે. ૨૦૧૮માં ભારત-પાકિસ્તાન દ્વિ-પક્ષિય વેપાર ૩ અબજ ડોલરનો હતો, જે ૨૦૨૪ સુધી ઘટીને માત્ર ૧.૨ અબજ ડોલર રહી ગયો છે. જરૂરી વસ્તુઓ જેવી કે દવાઓ અને રસાયણ હવે ત્રીજા દેશોના રસ્તે લઈ જવામાં આવી રહ્યા છે, જેનાથી ખર્ચ અને વિલંબ બંને વધી રહ્યું છે. એક્સપર્ટ્સ કહે છે કે, જો પાકિસ્તાનની રાજકીય અને આર્થિક સ્થિતિમાં સુધારો નહીં થાય, તો માઈક્રોસોફ્ટ પાકિસ્તાન છોડ્યા પછી, વધુ બહુરાષ્ટ્રીય કંપનીઓ પાકિસ્તાનને અલવિદા કહી શકે છે. આ તે સમય છે જ્યારે પાકિસ્તાને આત્મનિરીક્ષણ કરવું પડશે અને એવી નીતિઓ બનાવવી પડશે જે દેશને વૈશ્વિક રોકાણ અને નવીનતા માટે એક સુરક્ષિત અને આકર્ષક સ્થળ બનાવશે.

# ડોનાલ્ડ ટ્રમ્પની મોટી જીત : અમેરિકન સંસદના બંને ગૃહોમાં 'વન બિગ બ્યુટીફૂલ બિલ' પસાર

**સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાંથી પસાર થયા બાદ આ બિલ હવે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ હસ્તાક્ષર માટે મોકલવામાં આવ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વૉશિંગ્ટન, તા.૦૪**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું પ્રખ્યાત 'વન બિગ બ્યુટીફુલ બિલ' ગુરુવારે મોડી રાત્રે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ દ્વારા ૨૧૮-૨૧૪ના માર્જિનથી પસાર થયું, જેને તેમના બીજા કાર્યકાળની મોટી સિદ્ધિ ગણાવવામાં આવી રહી છે.

સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાંથી પસાર થયા બાદ આ બિલ હવે પ્રમુખ ટ્રમ્પ સમક્ષ હસ્તાક્ષર માટે મોકલવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, બિલ પર મતદાન દરમિયાન, બે રિપબ્લિકન સાંસદોએ પાર્ટી લાઈન તોડીને ડેમોક્રેટિક પાર્ટીના પક્ષમાં મતદાન કર્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પે બંને ગૃહોમાંથી આ બિલ પસાર થવા પર ખુશી વ્યક્ત કરી છે અને કહ્યું છે કે મેં લાખો પરિવારોને 'ડેથ ટેક્સ'માંથી મુક્ત કર્યા છે. અમેરિકાના સ્વતંત્રતા દિવસના અવસર પર આ બિલથી સારી ભેટ કોઈ હોઈ શકે નહીં.

બિલ પસાર થયા પછી, વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પત્રકારોને જણાવ્યું હતું કે, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ શુક્રવારે સાંજે ૫ વાગ્યે તેમના મોટા કર મુક્તિ અને ખર્ચ ઘટાડા બિલ પર હસ્તાક્ષર કરી શકે છે.

આ બિલમાં કરમાં કાપ, સૈન્ય બજેટ, સંરક્ષણ અને ઉર્જા ઉત્પાદન માટે વધારાનો ખર્ચ, તેમજ આરોગ્ય અને પોષણ કાર્યક્રમોમાં કાપ જેવી મુખ્ય જોગવાઈઓ શામેલ છે. આ બિલ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના મોટા પાયે દેશનિકાલ માટે ખર્ચ વધારવા સાથે પણ સંબંધિત છે. જ્યારે અન્ય વિપક્ષ માને છે કે આ ખર્ચ દેશના આરોગ્ય અને શિક્ષણ જેવા ક્ષેત્રોને અસર કરે તેવી શક્યતા છે. આ જ કારણ છે કે ઉદ્યોગપતિ ઈલોન મસ્ક સહિતનો એક મોટો વર્ગ આ બિલનો વિરોધ કરે છે અને તેની ટીકા કરી રહ્યો છે.

ટ્રમ્પ વહીવટીતંત્રના મતે, આ બિલ ૨૦૧૭ ના કર કાપ અને નોકરી કાયદાને કાયમી ધોરણે લાગુ કરવા તેમજ તેમના ચૂંટણી વચનો પૂરા કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. જોકે, બિલ પસાર થવાથી કોંગ્રેસમાં મતભેદો ઉભા થયા છે.

# અમેરિકાએ ભારતની એક સહિત છ કંપની ઉપર મૂક્યા પ્રતિબંધ : ઈરાન સાથે ક્રૂડ બિઝનેસ કરવો પડ્યો મોંઘો

**ટ્રમ્પ ઈરાન પર આર્થિક દબાણ લાદવા માગે છે જેથી તેમણે ઈરાનની ક્રૂડ નિકાસને ઘટાડતાં પ્રતિબંધો મૂક્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૪**

અમેરિકાએ ઈરાનમાંથી ક્રૂડ ઓઈલ અને પેટ્રોકેમિકલ્સ બિઝનેસમાં સામેલ છ કંપનીઓ અને અનેક જહાજો પર પ્રતિબંધ મૂક્યો છે. જેમાં ભારત અને પાકિસ્તાનની પણ એક-એક ઓઈલ કંપની સામેલ છે. અમેરિકા ઈરાન પર આર્થિક દબાણ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ અંગે માહિતી અમેરિકાના વિદેશ મંત્રાલય અને ટ્રેઝરી વિભાગના ઓફિસ ઓફ ફોરેન અસેટ્સ કંટ્રોલ (OFAC)એ આપી છે.

પાકિસ્તાનના લાહોરમાં સ્થિત એલાયન્સ એનર્જી પ્રાઈવેટ લિ. અને નવી દિલ્હીની સાઈ સાબુરી કન્સલ્ટિંગ સર્વિસિઝના ઈરાન ક્રૂડ બિઝનેસ પર પ્રતિબંધ લાદ્યો છે.

OFAC અનુસાર, આ કંપનીઓ ઈરાનના ક્રૂડ ઓઈલ અને પેટ્રોકેમિકલ પ્રોડક્ટ્સને ગુપ્ત રૂપે મોકલવામાં સામેલ એક નેટવર્કનો હિસ્સો હોવાનો દાવો કરાયો છે. જે અમેરિકાના પ્રતિબંધોનું ઉલ્લંઘન કરે છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પર આર્થિક દબાણ લાદવા માગે છે. જેથી તેમણે ઈરાનની ક્રૂડ નિકાસને ઘટાડતાં પ્રતિબંધો મૂક્યા છે. અમેરિકા ઈરાનના પરમાણુ કાર્યક્રમ, બેલિસ્ટિક મિસાઈલ વિકાસ અને ક્ષેત્રીય પ્રભાવને સીમિત કરવા માગે છે. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે જણાવ્યું હતું કે, અમે ઈરાનની કમાણીના સ્રોતોને ટાર્ગેટ બનાવતા રહીશું. જેથી ત્યાં નાણાકીય સંસાધનો ખૂટી પડે. અને તે ઝૂકવા મજબૂર બને.

પાકિસ્તાનની એલાયન્સ એનર્જી પ્રા.લિ. પહેલાંથી જ અમેરિકાના પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવા માટે બ્લેકલિસ્ટ થઈ ચૂકી છે. તદુપરાંત યુએઈ, ઈરાન અને પનામા સહિત કંપનીઓ અને તેના જહાજોને ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે. સાઈ સાબુરી કન્સલ્ટિંગ સર્વિસિઝના બે એલપીજી ટેન્કર, નીલ અને બેટેલૂરના કોમર્શિયલ મેનેજર રૂપે કામ કરવાનો આરોપ છે. જે ઈરાન ક્રૂડના પરિવહનમાં સામેલ હતાં.

અમેરિકાએ દાવો કર્યો છે કે, ઈરાન પોતાની ક્રૂડ નિકાસ જાળવી રાખવા માટે શેડો ફ્લિટ અથવા ડાર્ક ફ્લિટનો ઉપયોગ કરે છે. જે ગુપ્ત રૂપે ક્રૂડ અને પેટ્રોકેમિકલ પ્રોડક્ટ્સ ટ્રાન્સફર કરે છે. આ જહાજ પોર્ટની ક્ષેત્રીય સરહદોની બહાર જહાજથી જહાજ ટ્રાન્સફર મારફત ક્રૂડનો સપ્લાય છુપાવી શકે છે. આ પ્રકારના બિઝનેસ મુખ્યરૂપે ચીન જેવા દેશોને ટાર્ગેટ કરે છે. જે ઈરાનનો સૌથી મોટો ક્રૂડ ખરીદદાર છે.

અમેરિકાએ અગાઉ પણ ભારતીય કંપનીઓના ઈરાન ક્રૂડ બિઝનેસ પર પ્રતિબંધ લાદ્યા હતા. આ વર્ષે ફેબ્રુઆરીમાં ચાર અન્ય ભારતીય કંપનીઓ પર આ પ્રકારના આરોપો મૂકી પ્રતિબંધ લાદવામાં આવ્યા હતાં. ઓક્ટોબર, ૨૦૨૪માં ભારતની ગબ્બારો શિપ સર્વિસિઝ અને ડિસેમ્બર, ૨૦૨૪માં બે અન્ય ભારતીય શિપિંગ કંપનીઓ પર પણ પ્રતિબંધ લાદ્યા હતાં.

# રશિયાનો મોટો નિર્ણય : અફઘાનિસ્તાનની તાલિબાન સરકારને માન્યતા આપનાર પ્રથમ દેશ બન્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૪**

રશિયાએ અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારને ઔપચારિક રીતે માન્યતા આપવાની જાહેરાત કરી છે. રશિયન ફેડરેશનના રાજદૂત દિમિત્રી ઝિર્નોવ વિદેશમંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકીને મળ્યા. બેઠક દરમિયાન, રશિયન ફેડરેશનના રાજદૂતે અફઘાનિસ્તાનના ઈસ્લામિક અમીરાતને માન્યતા આપવાના તેમની સરકારના નિર્ણય વિશે સત્તાવાર રીતે માહિતી આપી. બેઠકમાં, ઝિર્નોવે ઔપચારિક રીતે માહિતી આપી કે રશિયન સરકારે અફઘાનિસ્તાનના ‘ઈસ્લામિક અમીરાત’ને માન્યતા આપવાનો નિર્ણય લીધો છે.

રશિયન વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ‘અમારું માનવું છે કે અફઘાનિસ્તાનના ઈસ્લામિક અમીરાતની સરકારને સત્તાવાર માન્યતા આપવાથી અમારા દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં ઉત્પાદક દ્વિપક્ષીય સહયોગના વિકાસને પ્રોત્સાહન મળશે.’ આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે વિશ્વના મોટાભાગના દેશોએ હજુ સુધી તાલિબાનને સત્તાવાર સરકાર તરીકે માન્યતા આપી નથી. આ રશિયાની વિદેશ નીતિમાં એક મોટો વ્યૂહાત્મક પરિવર્તન માનવામાં આવે છે. તેમજ રશિયા અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારને ઔપચારિક રીતે માન્યતા આપનાર પ્રથમ દેશ બન્યો છે. સંયુક્ત રાષ્ટ્ર અને યુરોપિયન યુનિયન જેવા સંગઠનોએ હજુ સુધી તાલિબાનને માન્યતા આપી નથી. રશિયન વિદેશ મંત્રાલયના આ ઐતિહાસિક નિર્ણય પછી, અફઘાનિસ્તાનના વિદેશ મંત્રાલયે તેને એક મહત્ત્વપૂર્ણ પગલું ગણાવ્યું.

> **આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે વિશ્વના મોટાભાગના દેશોએ હજુ સુધી તાલિબાનને સત્તાવાર સરકાર તરીકે માન્યતા આપી નથી**

તાલિબાનના વિદેશમંત્રી અમીર ખાન મુત્તાકીએ આ નિર્ણયને સ્વીકાર્યો અને તેને અન્ય દેશો માટે એક સારું ઉદાહરણ ગણાવ્યું. તાલિબાનના વિદેશ મંત્રાલયે કહ્યું, ‘રશિયન રાજદૂતે અફઘાનિસ્તાનની વર્તમાન સરકારને સત્તાવાર રીતે માન્યતા આપવાના નિર્ણયની જાણ કરી છે. આ તાલિબાન અને રશિયા વચ્ચે વધતા સંબંધોનું પ્રતીક છે’.

વર્ષ ૨૦૨૧ માં અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન અમલમાં આવ્યું. યુએસ દળોએ દેશ છોડ્યા પછી, તાલિબાન નેતાઓએ દેશનું નેતૃત્વ સંભાળ્યું. હાલમાં અફઘાનિસ્તાનના વિદેશ મંત્રાલયની જવાબદારી અમીર ખાન મુત્તકી પાસે છે. રશિયાએ હવે તાલિબાનને ગેરકાયદેસર સંગઠનોની યાદીમાંથી દૂર કરી દીધું છે.

# ન્યુજર્સીમાં રહેતા ૨૧ વર્ષીય ઈશાન શર્માએ ફ્લાઈટમાં મારામારી કરી

**તેણે બાજુની સીટ પર બેઠેલા વ્યક્તિને એટલો ખરાબ રીતે માર્યો કે ફ્લાઈટમાંથી તેને ઉતારી મૂકવામાં આવ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ન્યુજર્સી, તા.૦૪**

ન્યુજર્સીમાં રહેતા ૨૧ વર્ષીય ઈશાન શર્માની ફ્લાઈટમાં મારામારી કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના ફિલાડેલ્ફિયાથી મિયામી જતી ફ્રન્ટિયર એરલાઈન્સની ફ્લાઈટમાં બની હતી. ફ્લાઈટ ઉડાન ભરતાની સાથે જ, ઈશાને તેની બાજુમાં બેઠેલા કીનુ ઈવાન્સ નામના વ્યક્તિ પર કોઈ કારણ વગર હુમલો કર્યો હતો. મિયામી ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચ્યા પછી, ઈશાનને પોલીસે કસ્ટડીમાં લીધો હતો. તેની સામે હુમલો કરવાનો કેસ નોંધવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, ફ્લાઈટમાં જ ઈશાન અને કીનુ વચ્ચે ઝઘડો થયો હતો. આ લડાઈમાં, ઈશાનની આંખ સોજી ગઈ અને તેની નેણ ઉપર એક ઈજા પણ થઈ હતી. આ ઉપરાંત, કીનુના ચહેરા પર પણ ઈજા થઈ હતી. આ આખી લડાઈનો એક વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં એક મુસાફર બૂમો પાડતો જોવા મળે છે - “તેને જવા દો, તેને છોડી દો,” જ્યારે ક્રૂ મેમ્બર કહી રહ્યા હતા કે, “સાહેબ, તમારે બેસવું પડશે.” વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, વિમાનની અંદર મારામારી થઈ રહી છે.

કીનુ ઈવાન્સે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, ઈશાન કોઈ કારણ વગર વિચિત્ર વર્તન કરવા લાગ્યો હતો. તે અચાનક વિચિત્ર રીતે હસવા લાગ્યો અને ધમકી આપવા લાગ્યો હતો. ઈવાન્સે કહ્યું કે, “તે કહી રહ્યો હતો- ‘હા હા હા, તું એક સામાન્ય વ્યક્તિ છે. જો તું મારી સાથે ટકરાઈશ, તો તારે મરવું પડશે’.

ઈવાન્સે કહ્યું કે, જ્યારે ઈશાનનું વર્તન વધુ વિચિત્ર બન્યું, ત્યારે તેણે ફ્લાઈટ ક્રૂને જાણ કરી હતી. ક્રૂએ કહ્યું કે, જો આવું ફરીથી થાય, તો હેલ્પ બટન દબાવજો. થોડા સમય પછી, ઈશાન ફરીથી તેની સામે આવ્યો અને તે ઈવાન્સની મોઢા પાસે આવીને તેને ડરાવવા લાગ્યો હતો. પછી તેણે ઈવાન્સનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યું હતું. ઈવાન્સે કહ્યું કે, “તે સમયે કાં તો હું પોતાને બચાવવાનો પ્રયાસ કરતો અથવા અન્ય કંઈ કરતો. જોકે, મેં મારી જાતને બચાવી.” ઝઘડા પછી, ઈશાન તેની સીટ પર પાછો ફર્યો અને વિચિત્ર રીતે હસવા લાગ્યો હતો. ચોંકાવનારી વાત એ હતી કે, તેણે તેના લોહીથી લથપથ ચહેરા સાથે સેલ્ફી પણ લીધી હતી. બાદમાં પોલીસ આવી અને તેને હાથકડી પહેરાવી અને વિમાનમાંથી ઉતારી લીધો હતો.

ડેઈલી મેઈલના અહેવાલ મુજબ, ઈશાનને પહેલા જેક્સન વેસ્ટ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો અને પછી કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.

મંગળવારે કોર્ટમાં સુનાવણી થઈ હતી. ત્યાં ઈશાનના વકીલ રેની ગોર્ડને કહ્યું કે, તેનો ક્લાયન્ટ એક એવા ધર્મ સાથે સંકળાયેલો છે, જેમાં તે ધ્યાન કરી રહ્યો હતો. તેણે દાવો કર્યો કે, પાછળ બેઠેલા મુસાફરને ધ્યાન પસંદ નહોતું, તેથી જ ઝઘડો થયો હતો.

કોર્ટમાં, ન્યાયાધીશ ગેરાલ્ડ હબર્ટે આ દલીલ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. તેમણે ઈશાનના જામીન $500 નક્કી કર્યા અને સ્ટે-અવે ઓર્ડર જારી કર્યો હતો. આ મુજબ, ઈશાન હવે કીનુ ઈવાન્સ સાથે સંપર્કમાં આવી શકશે નહીં, ન તો તે તેની શાળા કે, ઓફિસની નજીક જઈ શકશે. કીનુ ઈવાન્સે મીડિયા સાથે વાતમાં કહ્યું કે, “હું નથી ઈચ્છતો કે લોકો મને ખોટો સમજે.

હું એક સારો વ્યક્તિ છું. મેં તાજેતરમાં જ બાપ્તિસ્મા લીધું છે. મને એકમાત્ર અફસોસ એ છે કે, મેં ક્રૂને તેમની સીટ બદલવા માટે આગ્રહ ન કર્યો.”

# ઈઝરાયેલના હુમલામાં ગાઝામાં ૯૪ પેલેસ્ટેનિયન નાગરિકોનાં મોત

**બુધવારે રાતથી ગુરુવારે સવાર સુધી ઈઝરાયેલે ગાઝા ઉપર હવાઈ હુમલાઓ પણ કર્યા હતા જેમાં સંખ્યાબંધ લોકોના મોત થયા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તેલ અવિવ, તા.૦૪**


ઈઝરાયેલે ગાઝા ઉપર કરેલા હવાઈ હુમલા અને ગોળીબારની ઘટનામાં કુલ ૯૪ પેલેસ્ટેનિયનનાં મોત નિપજ્યા છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ ગાઝા માનવ સંસ્થા સાથે સંકળાયેલા સ્થળો પર ઈઝરાયેલી સૈનિકોએ કરેલા હુમલામાં પાંચ લોકોનાં મોત થયા હતા. જ્યારે ગાઝા પટ્ટીમાં અન્ય સ્થળોએ મદદ માટે કતારમાં ઊભા રહેલાં લોકો પર ગોળીબાર કરાતા ૪૦નાં મોત થયા હોવાની પુષ્ટિ થઈ હતી.

બુધવારે રાતથી ગુરુવારે સવાર સુધી ઈઝરાયેલે ગાઝા ઉપર હવાઈ હુમલાઓ પણ કર્યા હતા જેમાં સંખ્યાબંધ લોકોના મોત થયા હતા. ઈઝરાયેલે મુવાસી ઝોનને નિશાન બનાવીન ટેન્ટ પર હુમલો કર્યો હતો જેમાં ૧૫નાં મોત નિપજ્યા હતા. આ વિસ્તારમાં હાલમાં સંખ્યાબંધ પેલેસ્ટેનિયન શરણ લઈ રહ્યા છે. આ ઉપરાંત ગાઝા શહેરમાં એક શાળા પર કરાયેલા હવાઈ હુમલામાં વધુ ૧૫ વિસ્થાપિતોનાં મોત થયા હતા.




**‘અજય: ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ અ યોગી’ ની રિલીઝ ડેટ ફાઈનલ**

# યોગીની ભૂમિકા ભજવવા માટે અનંત જોશીએ મુંડન કરાવ્યું




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૪**

‘અજય: ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ અ યોગી’ ની રિલીઝ ડેટ ફાઈનલ થઈ ગઈ છે. ફિલ્મનું શૂટિંગ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના જીવન પર આધારિત આ બહુપ્રતિક્ષિત બાયોપિકની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફિલ્મમાં અનંત જોશી યોગી આદિત્યનાથની ભૂમિકા ભજવી રહ્યા છે. તેમણે પોતાના પાત્રમાં પ્રવેશવા માટે પણ સખત મહેનત કરી છે, માથું પણ મુંડ્યું છે. આ વર્ષે જૂનમાં સીએમ આદિત્યનાથના જન્મદિવસ નિમિત્તે ફિલ્મની જાહેરાત કરવામાં આવી હતી. આ સાથે, એક નવું પોસ્ટર પણ રિલીઝ કરવામાં આવ્યું હતું.

આ ફિલ્મ ૧ ઓગસ્ટના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. યોગી આદિત્યનાથ જેવા દેખાવા માટે અનંતે માથું મુંડ્યું પણ હતું. એક પગલું જેને તેમણે ભાવનાત્મક રીતે ખૂબ મુશ્કેલ ગણાવ્યું, કારણ કે તે પોતાના વાળને ખૂબ પ્રેમ કરતો હતો. અનંતે કહ્યું કે, વાળ કાપવા એ ફક્ત બાહ્ય પરિવર્તન નહોતું. તે મારા એક ભાગને છોડી દેવા જેવું હતું. મારા માટે આ ફક્ત એક દેખાવ નહોતો, પણ યોગીજીની ભૂમિકાને સંપૂર્ણપણે સ્વીકારવાનો એક રસ્તો હતો. પરંતુ આ પાત્ર માટે આ બલિદાન જરૂરી હતું. હું નકલી બનવા માંગતો ન હતો. મારે તેને જીવવું હતું. મારે યોગી બનવું હતું, ફક્ત તેમના જેવું વર્તન નહીં.

> **આ બાયોપિકની નવી ઝલક આપતા, પ્રોડક્શન હાઉસે જૂનમાં સોશિયલ મીડિયા પર તેનું નવું પોસ્ટર શેર કર્યું હતું**

આ બાયોપિકની નવી ઝલક આપતા, પ્રોડક્શન હાઉસે જૂનમાં સોશિયલ મીડિયા પર તેનું નવું પોસ્ટર શેર કર્યું હતું. નિર્માતા રીતુ મેંગીએ ફિલ્મ વિશે કહ્યું કે, - આ પ્રસંગે રિલીઝ તારીખની જાહેરાત કરવી એ યોગીજીના અસાધારણ જીવનને સાચી શ્રદ્ધાંજલિ છે. એક એવું જીવન જે લાખો લોકોને પ્રેરણા આપે છે. ‘અજય’ના આત્મામાં બલિદાન, ફરજ અને ધર્મથી પ્રેરિત પરિવર્તનની વાર્તા છે. શાંતનુ ગુપ્તાની બેસ્ટસેલિંગ જીવનચરિત્ર ‘ધ મોન્ક હુ બિકેમ ચીફ મિનિસ્ટર’ પર આધારિત, આ ફિલ્મ એક એવા વ્યક્તિની જીવનયાત્રાને સ્ક્રીન પર લાવે છે જેણે વ્યક્તિગત મહત્વાકાંક્ષાઓ છોડીને બલિદાન અને જાહેર સેવાનો માર્ગ પસંદ કર્યો, અને અંતે ભારતના સૌથી પ્રભાવશાળી રાજકીય નેતાઓમાંનો એક બન્યો.

આ ફિલ્મ યોગી આદિત્યનાથના પરિવર્તનને બતાવશે. ઉત્તરાખંડના એક સામાન્ય છોકરા અજય સિંહ બિષ્ટ, ભારતના શક્તિશાળી નેતા બનવાની વાર્તા. મુખ્ય ભૂમિકા ભજવનાર અનંત જોશીએ અગાઉ ફિલ્મોમાં કામ કર્યું છે. ૧૨મી ફેલ, બ્લેક આઉટ અને કથલ જેવી શ્રેણીઓ. તે તેનો ભાગ રહ્યો છે અને પોતાના શાનદાર અભિનયથી પોતાની છાપ છોડી છે.

## રામાયણ’ ફિલ્મની પહેલી ઝલક VFXથી ભરપૂર

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૪**

જ્યારથી ‘રામાયણ’ ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી આ ફિલ્મની દરેક બાબત ચર્ચામાં રહી છે. આ ફિલ્મ એ ભારતના ભવ્ય વારસા અને સમૃદ્ધ ઈતિહાસને એક શ્રદ્ધાંજલિ છે, જેમાં રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી સીતા અને યશ રાવણના રોલમાં જોવા મળશે, તે વાત પણ જાહેર છે. આ ફિલ્મમાં પૌરાણિક વાર્તાને વિશ્વ કક્ષાની સ્ટોરી ટેલિંગ અને વિઝ્યુલ એક્સપિરીયન્સ સાથે બનાવવામાં આવી રહી છે. હજુ તો આ ફિલ્મ રિલીઝ થવાને ૨૦૨૬ની દિવાળી સુધીનો સમય છે. ત્યારે આ ફિલ્મની પહેલી ઝલક આપવામાં આવી છે. આ એક ત્રણ મિનિટનો વીડિયો છે, જે ઓનલાઈન સોશિયલ મીડિયામાં તેમજ થિએટરમાં પણ દર્શાવાયો હતો. આ વિડિયો ત્રિદેવના પરિચયથી શરૂ થાય છે, બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, જેઓ બ્રાહ્માંડમાં સંતુલન જાળવી રાખવાનું કામ કરે છે. વીડિયોમાં જણાવાયું છે કે જ્યારે બ્રહ્માંડનું પતન થવા લાગે છે, અંધાધુંધી છવાય છે અને ભગવાન રામમાં એક આશાનું કિરણ દેખાય છે, ધર્મ રક્ષમક રામ. ત્યાર પછી આ વીડિયોમાં એક કવિતાનું પઠન થાય છે, જેમાં રામના મુલ્યો દર્શાવાયા છે, તેમની કરુણા, શક્તિ અને ન્યાયપ્રિયતા. એઆઈ અને વીએફએક્સ દ્વારા આ વિષયો જીવંત કરાયા છે. આગળ જઈને આ વીડિયોમાં રામ અને રાવણ વચ્ચેનાં યુદ્ધની પણ વાત આવે છે. જેમાં ભગવાન રામ તરીકે રામ કપૂર અને શક્તિશાળી અને ભયાવહ રાવણ તરીકે યશને જોઈ શકાય છે. આ વીડિયો સંપુર્ણપણે આઈમેક્સ એક્સિપરીયન્સ સાથે બનાવાયો છે. આ ફિલ્મમાં રવિ દુબે લક્ષ્મણના રોલમાં, સની દેઓલ હનુમાનજીના રોલમાં જોવા મળશે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ શ્રીધર રાઘવન દ્વારા લખવામાં આવી છે. જ્યારે એ.આર. રહેમાન અને હંસ ઝીમર દ્વારા સંયુક્ત રીતે આ ફિલ્મનું સંગીત આપવામાં આવ્યું છે. આ ફિલ્મ બે ભાગમાં બની છે, પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર અને બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ થશે.

**ટોમ ક્રૂઝ-અક્ષયના દિલધડક સ્ટંટ જોઈ**

# ‘એમઆઈ સિક્સ એજન્ટ બનવાનું મન થયું: પ્રિયંકા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૪**

ફિલ્મ ‘હેડ્સ ઓફ સ્ટેટ’માં પ્રિયંકા એમઆઈ ૬ એજન્ટ નોએલ બિસેટની ભૂમિકા ભજવી રહી છે. આ ફિલ્મમાં તેના સ્ટાર્સ પ્રખ્યાત હોલીવુડ અભિનેતા ઈદ્રિસ એલ્બા અને જોન સીના છે. પ્રિયંકાએ આ એક્શનથી ભરપૂર ફિલ્મમાં કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો. ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા તેની નવી ફિલ્મ ‘હેડ્સ ઓફ સ્ટેટ’ માટે સમાચારમાં છે. આ ફિલ્મ પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ કરવામાં આવી છે. ફિલ્મમાં પ્રિયંકા એમઆઈ૬ એજન્ટ નોએલ બિસેટની ભૂમિકા ભજવતી જોઈ શકાય છે. આ ફિલ્મમાં તેના સ્ટાર્સ પ્રખ્યાત હોલીવુડ અભિનેતા ઈદ્રિસ એલ્બા અને જોન સીના છે. પ્રિયંકાએ આ એક્શનથી ભરપૂર ફિલ્મમાં કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો. તેણીએ તેના પાત્રનું મહત્વ સમજવા બદલ નિર્માતાઓની પ્રશંસા પણ કરી. વાતચીત દરમિયાન, પ્રિયંકા ચોપરાએ કહ્યું, ‘મને લાગે છે કે ઈલ્યા નૈશુલર (દિગ્દર્શક) ને શરૂઆતથી જ આ વિચાર આવ્યો હતો જ્યારે તેમણે આ ફિલ્મ વિશે પહેલી વાર મારી સાથે વાત કરી હતી. તેમને લાગ્યું કે સ્ત્રીના હાથમાં લગામ આપવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. મારા માટે એ વિચારવું ખૂબ જ રમુજી હતું કે હું, ૫ ફૂટ ૭ ઈંચની છોકરી, ભલે મેં હીલ પહેરી હોય, ઉભી રહીને આ બે છોકરાઓને તેમની મર્યાદામાં રહેવાનું કહી રહી હતી. આ એક જ વાતે મને ફિલ્મ કરવાની ઈચ્છા કરાવી. મને લાગ્યું કે તે ખૂબ જ રમુજી હતું, પરંતુ જો ઊંડાણપૂર્વક જોવામાં આવે તો, તે ઈલ્યા માટે ભાવનાત્મક રીતે ઘણું મહત્વ ધરાવે છે.’ પ્રિયંકાએ આગળ કહ્યું, ‘ભલે આ ફિલ્મમાં ઘણા પુરુષો દર્શાવવામાં આવ્યા છે, આ પુરુષો નારીવાદી છે, જેઓ આવી ભૂમિકા બનાવવાનું મહત્વ સમજે છે. આવી ભૂમિકાઓ સરળતાથી મળતી નથી. તેથી હું આ સફરનો ભાગ બનીને ખૂબ જ ખુશ હતી.

> **લંડનમાં ‘હેડ્સ ઓફ સ્ટેટ’ ના પ્રીમિયરમાં, પ્રિયંકા ચોપરાએ એક્શન ફિલ્મો કરવાના તેના પ્રેમ વિશે વાત કરી હતી**

અગાઉ, લંડનમાં ‘હેડ્સ ઓફ સ્ટેટ’ ના પ્રીમિયરમાં, પ્રિયંકા ચોપરાએ એક્શન ફિલ્મો કરવાના તેના પ્રેમ વિશે વાત કરી હતી. તેણીએ એ પણ સ્વીકાર્યું હતું કે સ્ટંટ ટીમે તેને ફિલ્મમાં મદદ કરી હતી અને ખૂબ જ મહેનત કરી હતી. અભિનેત્રીએ કહ્યું, ‘ટોમ ક્રૂઝ અને અક્ષય કુમાર જે કરે છે તે મને ગમે છે. તેઓ તેમાં ખૂબ સારા છે.’ આ દ્વારા, તે બંને કલાકારોની અદ્ભુત કુશળતા અને ઉચ્ચ જોખમવાળા દ્રશ્યો કરવા તરફ ઈશારો કરી રહી હતી.

# દીપિકાની હોલિવૂડ વૉક ઓફ ફેમ સ્ટારમાં એન્ટ્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૦૪**






દીપિકા પાદુકોણને આ વર્ષે હોલિવૂડ વૉક ઓફ ફેમ ૨૦૨૬માં એન્ટ્રી મળવાની જાહેરાત કરવામાં આવી છે, જે ભારતીય સિનેમા માટે એક ગૌરવપૂર્ણ વાત છે. તે આ યાદીમાં માઈલી સાયરસ અને તિમોથી શેલેમેટ સહિતના ગ્લોબલ આઈકોન્સ સાથે સ્થાન મેળવશે. દીપિકાની ઈન્ટરનેશનલ કેરિઅરમાં પણ આ એક ઘણો મહત્વનો પડાવ છે.

ગુરુવારે વહેલી સવારે આ અંગે જાહેરાત થઈ છે. આ યાદીમાં માઈલી સાયરસ ઉપરાંત, એમિલી બ્લન્ટ, ફ્રેન્ચ એક્ટ્રેસ મેરીયન કોટીલાર્ડ, કેનેડિયન એક્ટ્રેસ રેશેલ મેકએડમ્સ, ઈટાલિયન લિજેન્ડ ફ્રેંકો નીરો તેમજ સેલેબ્રિટી શેફ ગોર્ડન રામસે, રામી મલેક, સ્ટેનલી ટુશી અને ડેમી મુરનો પણ સમાવેશ થાય છે. દીપિકા પહેલાં આ ઐતિહાસિક સન્માન ભારતના ઘણાં ઓછા લોકોને મળ્યું છે. ધ હોલિવૂડ ચેમ્બર ઓફ કોમર્સની વૉક ઓફ ફેમ સિલેક્શન પેનલ દ્વારા દુનિયાભરના સેંકડો નોમિનેશન્સમાંથી દીપિકાની પસંદગી કરવામાં આવી છે. તેમણે ૨૫ જૂને ફાઈનલ યાદી જાહેર કરી હતી. દીપિકાએ પણ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને પોતાનો સ્ટાર મેળવવા માટે ખુશી અને ગૌરવ વ્યક્ત કર્યા હતા. તેણે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં માત્ર ‘ગ્રેટીટ્યુડ’ એટલું જ લખ્યું હતું. તે આ સન્માન મેળવનારી પહેલી ભારતીય એક્ટ્રેસ છે. તેની પહેલાં ૧૯૬૦માં સાબુ દસ્તગિરનું નામ આ યાદીમાં જોડાયું હતું, જેઓ એક હાથીના મહાવતના પુત્ર હતા અને ૧૯૩૭માં એમેરિકન ફિલ્મ મેકર રોબર્ટ ફ્લેહર્ટી દ્વારા તેમની ફિલ્મ ‘એલિફન્ટ બોય’ માટે તેની પસંદગી થઈ હતી, જે રુદયાર્ડ કિપલિંગના પુસ્તક પર આધારીત હતી.

દીપિકાએ ૨૦૧૭માં હોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું, તેણે ‘ટ્રીપલ એક્સ: રીટર્ન ઓફ ઝેન્ડર કેજ’માં વિન ડિઝલ સાથે કામ કર્યું હતું. જોકે, આ ફિલ્મ ખાસ ચાલી નહોતી. દીપિકાના અભિનયને દર્શકોએ વખાણ્યો હતો.

# વાપી આર.કે.દેસાઈ કોલેજમાં ડોક્ટર ડેની ઉજવણી કરવામાં આવી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૪**

આ પૃથ્વી પર ડોક્ટરને ભગવાનનું બીજુ રૂપ માનવામાં આવે છે. તે ડોક્ટર જ છે જે કોઈ વ્યક્તિને મોતના મોઢામાંથી બહાર કાઢીને તેને નવું જીવન આપવા માટે તમામ પ્રયત્નો કરે છે. ડોક્ટરોના આ યોગદાન માટે આભાર અને સન્માન વ્યક્ત કરવા માટે દર વર્ષે ૧ જુલાઈએ આર.કે.દેસાઈ પરિવાર દ્વારા રાષ્ટ્રીય ડોક્ટર દિવસના રૂપમાં ઉજવવામાં આવ્યો હતો.

સામાન્ય રીતે જોવા મળતા ‘હેલ્થ ચેક-અપ’ પ્લાન્સમાં ઉંમર અને જીવનશૈલીની અનિયમિતતાથી ઉદ્ભવતા વિકારોને લગતા રોગો જેમકે મધુપ્રમેહ, હૃદયરોગ, હાડકાને લગતા રોગ કે પછી મેટાબોલિક ડિસઓર્ડરનું નિદાન અથવા નિર્દેશ થતો હોય છે. લોકોમાં રોગ, માંદગી ઈજા અને અન્ય શારીરિક અને માનસિક ક્ષતિઓના નિવારણ નિદાન, સારવાર, સુધારણા અથવા ઉપચાર દ્વારા આરોગ્યમાં સુધારો અથવા જાળવણી કેવી રીતે કરી શકાય તેના વિશે સુંદર માહિતી વિદ્યાર્થીઓને ડો. આશિષ ગુસાણીએ આપી હતી. તેમજ આખની અંદરના વિવિધ રોગો વિશે ડો. અગ્રવાલે પોતાની સુંદર ભાષા શૈલીની અંદર સમજૂતી આપી હતી અને જે વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો લખવા, વાંચવામાં કોઈ તકલીફ જણાય તો રાહતદરે ચશ્મા કાઢી આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં આર.કે.દેસાઈ પરિવારના વિવિધ વિદ્યાશાખાના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ આચાર્ય તથા અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લઈ સફળ બનાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.સી.એ. વિભાગના હેડ પ્રા.નેહા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી મીલન દેસાઈ તથા ઈન્ચાર્જ કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહે અભિનંદન પાઠવ્યા હતા.

# વાપીના હયાત રેલવે ઓવરબ્રિજને તોડવાનો હોવાથી અવરજવર ઉપર પ્રતિબંધ મુક્તુ જાહેરનામું બહાર પડાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૪**

વાપી શહેરમાં આવેલા હયાત રેલવે ઓવરબ્રિજ-રેલ્વે ચે.૧૭૨/ ૧૬-૧૮ (ડી.એફ.સી.ચે.૧૩+ ૫૨૩.૨૮૯ કિ.મી.)ને તોડવાનો હોવાથી હયાત બ્રિજ પરના ટ્રાફીકને મોટા વાહનો બલીઠા ફાટક ઉપરથી તથા નાના વાહનો અન્ડર પાસ તથા રેલવે દ્વારા બનાવવામાં આવેલા નવા ફાટક, કબ્રસ્તાન રોડ, કસ્ટમ રોડ તરફ ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. આ જાહેરનામું તા.૩૧/૦૫/ ૨૦૨૫ સુધીની મુદત માટે બહાર પાડવામાં આવ્યું છે. જે મુદત તા.૩૧/૦૫/૨૦૨૫ના રોજ પૂર્ણ થતી હોય કાર્યપાલક ઈજનેર શ્રી વલસાડ (માથમ) વિભાગે ડાયવર્ઝનના જાહેરનામાની મુદત લંબાવવા દરખાસ્ત કરી હતી. બ્રીજની કામગીરી પૂર્ણ થયેલી ન હોય અને કામગીરી પ્રગતિમાં હોય વાહનોના ડાયવર્ઝન અંગેના જાહેરનામાની મુદત લંબાવવી જરૂરી જણાતા વલસાડ જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ભવ્ય વર્મા (આઈ.એ.એસ.)એ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ (બી) અન્વયે મળેલી સત્તાની રૂએ કાર્યપાલક ઈજનેરશ્રી વલસાડ (માથમ), વલસાડની દરખાસ્ત ધ્યાને લઈ વાપીના હયાત રેલવે બ્રિજ પરથી આવતા જતા તમામ પ્રકારના વાહનોને અવર-જવર માટે આગામી તા. ૦૧/ ૦૭ / ૨૦૨૫ ના રાત્રિના ૦૦:૦૦ કલાકથી તા. ૩૧ /૧૨ /૨૦૨૫ સુધી રાત્રિના ૧૨:૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સહિત) પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતાં ટ્રાફીક નિયમન અને કાયદો-વ્યવસ્થાને ધ્યાને લઈ જાહેરનામું બહાર પાડ્યું છે. જેથી વાપી શહેરમાં આવેલા વાપી-ચલાને જોડતો હયાત રેલ્વે ઓવરબ્રિજ(હાલ અન્ડર કન્સ્ટ્રક્શન)વાળો માર્ગ આવતા-જતા તમામ પ્રકારના વાહનો માટે આવન જાવન માટે પ્રતિબંધીત માર્ગ તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

આ જાહેરનામામાં જણાવ્યા મુજબ, ડાયવર્ઝન અંગેની વિગત જોઈએ તો, (૧) તમામ પ્રકારના વાહનો એલ.સી.નં.૮૧ બલીઠા ફાટક ઉપરથી આવન-જાવન કરી શકશે. પરંતુ સવારના ૧૦:૦૦ થી ૧૨:૦૦ તથા સાંજે ૧૭:૦૦ થી ૨૦:૦૦ કલાક દરમિયાન સ્કૂલ બસ તથા એસ.ટી. બસ સિવાયના તમામ ભારે વાહનો માટે પ્રતિબંધિત રહેશે. (૨) વાપી પૂર્વે-પ્રશ્ચિમ જવા તથા આવવા માટે નાના વાહનો (૩.૫ મીટરની ઉંચાઈ સુધીના) રેલવે અન્ડર પાસ તથા રેલવે દ્વારા બનાવવામાં આવેલા નવા ફાટક એલ.સી-૮૦, કબ્રસ્તાન રોડ, કસ્ટમ રોડ ઉપરથી આવન-જાવન કરી શકશે તથા રેલવે અન્ડર પાસ (જુનું ગરનાળુ)માંથી માત્ર ટુ-વ્હીલર વાહનો આવન-જાવન કરી શકશે. (૩) ને.હા. નં. ૪૮ ઉપર મુંબઈ-દમણ જવા તથા આવવા માટે તમામ પ્રકારના વાહનો મોહનગામ ફાટક (એલ.સી.-૭૭) તથા નાહુલી અન્ડર પાસ (એલ.સી. નં.૭૮)થી આવન-જાવન કરી શકશે. (૪) ને.હા.નં.૪૮ ઉપર વલસાડ-સુરત-દમણ જવા તથા આવવા માટે તમામ પ્રકારના વાહનો મોતીવાડા ઓવરબ્રિજ (એલ.સી.નં.૮૮) થી આવન-જાવન કરી શકશે. ઉપરોક્ત નિર્ણય જાહેર જનહિતમાં ટ્રાફિક નિયમન અને કાયદો વ્યવસ્થાની જાળવણી માટે જાહેર કરવામાં આવ્યો છે.

# વાપી, વલસાડ-સંઘપ્રદેશ માહેશ્વરી સેવા સમિતિની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ: આગામી ટર્મ માટે કારોબારીની રચના કરાઈ

## વિનિત મુંદડા, મેનેજીંગ ટ્રસ્ટી તથા ગીરીરાજ લઢ્ઠાને પ્રમુખની જવાબદારી સોંપાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૪**

વાપી, વલસાડ અને સંઘપ્રદેશમાં કાર્યરત માહેશ્વરી સેવા સમિતિની વાર્ષિક સામાન્ય સભા ચલા મહેશ ભવનમાં તાજેતરમાં સંપન્ન થઈ હતી. સભામાં આગામી ટર્મ માટેની કારોબારીની રચના કરવામાં આવી હતી.

સામાન્ય સભામાં પ્રમુખ વિનિત મુદડાએ સ્વાગત પ્રવચન આપતા સમિતિ દ્વારા કરવામાં આવેલ સેવાકીય કામગીરીની રૂપરેખા રજૂ કરી હતી. આ કામગીરીમાં સહયોગી થનારાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સભામાં આગામી ટર્મ માટે કારોબારીની વરણી કરાઈ હતી. તેમાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે વિનિત મુંદડા તથા ગીરીરાજ લઢ્ઠાને પ્રમુખનો પદભાર સોંપાયો હતો. તદઉપરાંત ઉપ પ્રમુખ તરીકે ગોપાલ મહેશ્વરી સહસચીવ સુરેશ અસાવાને સચીવ તથા અભિષેક તાપડીયાને કોષાધ્યક્ષ તરીકે વરણી કરાઈ હતી. અનિલ સમદાનીને સંગઠન મંત્રીની જવાબદારી સોંપાઈ હતી. નિયુક્ત તપાસ પદાધિકારીઓ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.


![POWERGRID]

## પાવરગ્રિડ POWERGRID

### નોટિસ

૧. ઈલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૭૯ (૧) (ડી) સાથે વાંચેલી કલમ ૬૨ હેઠળ અને સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (કન્ડક્ટ ઑફ બિઝનેસ) રેગ્યુલેશન્સ, ૨૦૨૩ના રેગ્યુલેશન ૧૫ (૧) (એ) અને રેગ્યુલેશન ૨૩ સાથે વાંચેલ સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (ટેરિફના રેગ્યુલેશનના નિયમો અને શરતો) ૨૦૨૪ હેઠળ ‘‘ઈન્દોર સબસ્ટેશન પર ફોલ્ટ લેવલને નિયંત્રિત કરવા માટેની યોજના’’ હેઠળ ૪૦૦ કેવી બસ સેક્શનલાઈઝ, બાયસ (જીઆઈએસ) અને જીઆઈએસ બસ ડક્ટ દ્વારા ૭૬૫/ ૪૦૦/૨૨૦ કેવી ઈન્દોર એસ/એસ પર ૪૦૦ કેવી બસ-I અને બસ-IIનું બે વિભાગોમાં વિભાજન માટે ટેરિફ નક્કી કરવા માટેની અરજી.

૨. ઉપરોક્ત ટ્રાન્સમિશન સિસ્ટમના લાભાર્થીઓ છે: (૧) મધ્ય પ્રદેશ પાવર મેનેજમેન્ટ કંપની લિ., જબલપુર (૨) છત્તીસગઢ સ્ટેટ પાવર ડિસ્ટ્રીબ્યુશન કંપની લિમિટેડ, રાયપુર (૩) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ., વડોદરા, (૪) ઈલેક્ટ્રિસિટી ડિપાર્ટમેન્ટ, ગવર્નમેન્ટ ઓફ ગોવા, પણજી, (૫) મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રીબ્યુશન કંપની લિ., મુંબઈ (૬) ડીએનએચડીડી પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ, સિલવાસા.

૩. **ટેરિફ વિગતો: પ્રોજેક્ટનો એસસીઓડી:** ૩૧.૦૩.૨૦૨૩, **પ્રોજેક્ટ માટે એફઆર મંજૂર ખર્ચ:** ₹ ૧૬૪૭.૯૦ લાખ, **અંદાજિત પૂર્ણ ખર્ચ:** ₹ ૨૧૪૮.૧૧ લાખ

**૨૦૨૪-૨૯ ટેરિફ બ્લોક માટે ટ્રાન્સમિશન ટેરિફ** (₹ લાખમાં)

| સંપતિ નં. | સંપત્તિનું નામ અને તેનું સ્થળ | સીઓડી | 2025-26 | 2026-27 | 2027-28 | 2028-29 |
|---|---|---|---|---|---|---|
| 1 | ૭૬૫/૪૦૦/૨૨૦ કેવી ઈન્દોર એસ/એસ ખાતે ૪૦૦ કેવી બસ-I અને બસ-IIનું ૪૦૦ કેવી બસ સેક્શનલાઈઝેશન બાયસ (જીઆઈએસ) અને જીઆઈએસ બસ ડક્ટ દ્વારા બે વિભાગોમાં વિભાજન | 01.04.2025 | 182.45 | 344.87 | 371.99 | 367.01 |

૪. ટેરિફ નક્કી કરવા માટે કરવામાં આવેલી અરજીની એક નકલ અરજદારની વેબસાઈટ **www.powergrid.in** પર મુકવામાં આવી છે.

૫. અરજીમાં સમાવિષ્ટ ટેરિફ નક્કી કરવા માટેની દરખાસ્તો પર સૂચનો અને વાંધાઓ, જો કોઈ હોય તો, લાભાર્થી સહિત કોઈપણ વ્યક્તિ દ્વારા સેક્રેટરી, સેન્ટ્રલ ઈલેક્ટ્રિસીટી રેગ્યુલેટરી કમિશન, છઠ્ઠો, ૭મો અને ૮મો માળ, ટાવર બી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, નૌરોજી નગર, નવી દિલ્હી - ૧૧૦૦૨૯ (અથવા અન્ય સરનામું જ્યાં કમિશનની ઓફિસ આવેલી છે) સમક્ષ રજૂ કરી શકે છે, તેની એક નકલ ઉપરોક્ત અરજદારની કોર્પોરેટ કચેરીના સરનામે આ નોટિસ પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસની અંદર મોકલી આપવી.

**સ્થળ: ગુરૂગ્રામ** **સહી/-**
**તારીખ: ૨૭.૦૬.૨૦૨૫** **સીજીએમ (કોમર્શિયલ)**

PG/NOTICE/2025/D360

**પાવર ગ્રિડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ**
(ભારત સરકારનું સાહસ)
**રજી. ઓફિસ:** બી-૯, કુતબ ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, કટવારીયા સરાઈ, નવી દિલ્હી-૧૧૦૦૧૬.
**કોર્પોરેટ ઓફિસ:** ‘‘સૌદામીની’’, પ્લોટ નં. ૨, સેક્ટર-૨૯, ગુરૂગ્રામ-૧૨૨૦૦૧, (હરિયાણા)
**www.powergrid.in, CIN:** L40101DL1989GOI038121

**એક મહારત્ન સરકારી સાહસ**


# શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ બાલવાટિકા ખાતે ત્રિ-દિવસીય ક્વિઝ સ્પર્ધા યોજાઈ






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૪**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત બાલવાટિકા, સલવાવ ખાતે ત્રિદિવસીય તા. ૨,૩ અને ૪ જુલાઈ ૨૦૨૫ ક્વિઝ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સર્વાંગી વિકાસ, સામાન્ય જ્ઞાન તેમજ રાષ્ટ્રીય અને ધાર્મિક જાગૃતિ વધારવાનો હતો. આ કાર્યક્રમ બાલવાટિકાના પ્રિન્સિપાલ શ્રીમતી આશાબેન દામાના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધા માટે રાષ્ટ્રીય અને પૌરાણિક કથાઓ આધારિત પ્રશ્નોની પસંદગી કરવામાં આવી હતી.

તા.૨૦ જૂને વચનામૃતમ હોલમાં યોજાયેલ સેમિફાઈનલ રાઉન્ડમાં ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને ૨૦૦થી વધુ પ્રશ્નો દ્વારા પૂર્વ તૈયારી આપવામાં આવી હતી. શ્રેષ્ઠ ૭૫ વિદ્યાર્થીઓની પસંદગી ફાઈનલ માટે કરવામાં આવી હતી.

ફાઈનલ રાઉન્ડ માટે વિદ્યાર્થીઓને ચાર જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા. જેમાં ‘કેસરિયા યોદ્ધા, ધર્મયોદ્ધા, સત્યયુગ યોદ્ધા, રાષ્ટ્રીય યોદ્ધા ફાઈનલમાં ચાર રાઉન્ડ યોજાયા : (૧) વિઝ્યુઅલ રાઉન્ડ (૨) ઓડિયો રાઉન્ડ (૩) બઝર રાઉન્ડ (૪) રેપિડ ફાયર રાઉન્ડ ફાઈનલ રાઉન્ડનું સંચાલન શ્રેયા પ્રસાદે બાળમિત્ર શૈલીમાં સરસ રીતે કર્યુ હતું.

આ અવસરે ગુરુકુલના મેનેજિંગ ટ્રસ્ટી પૂજ્ય શ્રી કપિલ સ્વામીજી, પ્રિ-સ્કૂલની આચાર્ય શ્રીમતી નીતુબેન સિંગ, ટ્રસ્ટી શ્રી બાબુભાઈ સોડવડિયા, શ્રીમતી જયશ્રીબેન સોડવડિયા તથા યોગીનીબેન હાજર રહ્યા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ સફળ આયોજનમાં કલ્ચરલ ઈન્ચાર્જ શ્રીમતી ટ્વિંકલ મકવાણા, શ્રીમતી રીમા રાય તથા શ્રીમતી કવિતા સિંગનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. આ બધાનું સંકલન અને મહેનત પ્રશંસાપાત્ર રહી. આ સ્પધાનું લાઈવ પ્રસારણ ssems_balbhavan ની લિંક દ્વારા વાલી મિત્રોને દર્શાવવામાં આવ્યું હતું.જેનો સારો પ્રતિસાદ(લાઈક અને કોમેન્ટ) મળ્યો હતો. અંતે, તમામ વિજેતા અને ભાગ લેનારા વિદ્યાર્થીઓને ઈનામો અને પ્રમાણપત્રો આપીને બિરદાવવામાં આવ્યા હતા.

આ પ્રકારનો કાર્યક્રમ વિદ્યાર્થીઓના જ્ઞાન, ચિંતનશક્તિ તેમજ રાષ્ટ્રીય-ધાર્મિક જાગૃતિના વિકાસ માટે શિક્ષણક્ષેત્રે મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.

# દાનહ ખેરડી પંચાયતમાં પર્યાવરણ સંરક્ષણની દિશામાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૦૪**

દાદરા નગર હવેલીના ખેરડી પંચાયતમાં પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક સરાહનીય પહેલ કરી સિલોક્સ ઈન્ડિયા પ્રા.લી દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ સાથે મિયાવાકી ફોરેસ્ટનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેનાથી આ વિસ્તારમાં હરિયાળીને પ્રોત્સાહન મળશે અને સ્થાનિય પરિસ્થિતિને મજબૂતી મળશે. કાર્યક્રમ અંતર્ગત ખેરડી દેવસ્થાન, ડોલરપાડા વિસ્તાર અને હાઈસ્કૂલ પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પ્રકારના છોડ લગાવવામાં આવ્યા હતા. સ્થાનિય લોકો અને અધિકારીઓએ આ પહેલની સરાહના કરી અને દરેકે પર્યાવરણના સંરક્ષણ હેતુ માટે આગળ આવવાની અપીલ કરવામા આવી હતી. આ ફક્ત પર્યાવરણ જાગૃક્તા ફેલાવવાનું કાર્ય કરશે આવનાર પેઢી માટે એક હરિત વિરાસત પણ છોડી જશે. આ અવસરે કંપનીના મેનેજીગ ડાયરેક્ટર શ્રી પ્રકાશ રમન, ડાયરેક્ટર ટેક્નોલોજી શિબા પ્રસાદ ભારતી, મેનેજર શ્રી કિશોર પુનસે, સરપંચ શ્રી યશવંત ગુટિયા, પંચાયત સભ્યો સહિત કંપનીનો સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# દીવમાં પોલીસ દ્વારા વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમની જાણકારી અપાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દીવ, તા.૦૪**

એનએસએસ યુનિટ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ તથા તેમાં ચાલતા એનએસએસ યુનિટના સ્વયં સેવક ભાઈ બહેનોએ ‘‘સાયબર પોલીસ’’ દીવ દ્વારા કરવામાં આવેલ ‘‘સાયબર ક્રાઈમ’’ વિશેની જાણકારી અને સાવચેતી માટેના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ‘સાયબર પોલીસ’ દીવના કર્મચારીઓએ શાળામાં સાયબર ક્રાઈમ અંગેની જાણકારી આપી અને તે અંગેના સાવચેતી માટેના પગલાં લેવા માટેના સૂચનો આપ્યા અને આ પ્રોગ્રામને સફળ બનાવવામાં શાળાના આચાર્યશ્રી તથા શિક્ષક ભાઈ બહેનો તેમજ શાળામાં ચાલતા એનએસએસ-યુનિટના સ્વયંસેવક ભાઈ-બહેનોએ મદદ કરી હતી.

# દાદરા ગામે કંપની દ્વારા વિદ્યાર્થીઓને સ્કૂલ કિટ્સનું વિતરણ કરાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૦૪**

દાદરા નગર હવેલીના દાદરા ગામે ગ્રોવર એન્ડ વીલ ઈન્ડિયા લિમિટેડ દ્વારા સીએસઆર પ્રોજેક્ટ અંતર્ગત સરકારી શાળાના વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ, નોટબુક, પાણીની બોટલ અને જ્યોમેટ્રી બોક્સ વિતરણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કંપનીના પ્રમોટર શ્રી અમન નીરજ મોર ઉપસ્થિત રહી બાળકોને સામગ્રી પ્રદાન કરી હતી. સંસ્થા તરફથી સિનિયર વાઈસ પ્રેસિડન્ટ શ્રી રાકેશકુમાર સિંહ, મેનેજર શ્રી દિનેશભાઈ પાટીલ, શ્રી કે.યુ.શાજી સહિત શાળાના આચાર્ય, શિક્ષકો વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.


**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM ROHAN RAJESH SHAH TO **ROHAN RAJESHKUMAR SHAH** AS PER DOCUMENTS

**CHANGE OF NAME**

**OLD NAME:**
PRAVINKUMAR FAKIRBHAI PATEL
**NEW NAME:**
**PRAVINBHAI FAKIRBHAI PATEL**
**ADDRESS:** H. NO. 301, KUND FALIA, BHIMPORE, NANI DAMAN.

**CHANGE OF NAME**

OLD NAME - BORSA SANJAYBHAI RAMABHAI
**NEW NAME - SANJAY RAMA BORSA**
**ADRESS -** RAUT PADA GALONDA DADRA AND MAGAR HAVELI 396230


**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**Land Section, Collectorate, Diu**

**Public Hearing Notice in respect of draft Rehabilitation and Resettlement Scheme as per Section 16 of the RFCTLARR Act, 2013**

**Purpose:** land acquisition from Ghoghla Check Post to Diu Circle Strengthening and Widening of NH 251 from Km 11.000 to Km 22.770 at District Diu

**Public Hearing Notice No.** 65-04-LAQ-2022-23/794 dated 01.07.2025

**Note: Details can be downloaded from** https://tinyurl.com/2d6bs24x **or by scanning the QR code.**

**Office of the Collector, Diu**

**No. IP/DMN/2/5/2025-26/597, Dated: 04/07/2025**

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનું યુટી એડમિનિસ્ટ્રેશન**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

દમણ જિલ્લાના મરવડ ખાતે સરકારી હોસ્પિટલ નજીક નર્સિંગ કોલેજ માટે સ્થળ, MEP, ELV, FFTG, HVAC અને સોલાર સિસ્ટમના વિકાસ સાથે શૈક્ષણિક બિલ્ડીંગનું નિર્માણ.(બીજો કોલ)

ટેન્ડર આઈડી નં. : 2025_DAMAN_4318_1

| | |
|---|---|
| પ્રીબીડ મીટિંગ તારીખ | : 14/07/2025 |
| ડાઉનલોડની છેલ્લી તારીખ | : 26/07/2025 |
| હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ | : 26/07/2025 |
| બિડ ખોલવાની તારીખ | : 26/07/2025 |

For details please scan https://ddtenders.gov.in

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ**

**No. IP/DMN/2/5/2025-26/598, Dated: 04/07/2025**

torrent POWER DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૦૮/૦૭/૨૦૨૫ મંગળવાર સમય : સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ | વાઘધરા | ૧૧ કેવી વાઘધરા ઈન્ડ.૭ | ચેક પોસ્ટ વિસ્તાર, મલ્ટીપેક, દીપ આઈ.ઈ., નાગરિકા ઈન્ડ., સુમરિયા સદગુરુ વેલ્વેટ વિસ્તાર |
| ૦૯/૦૭/૨૦૨૫ બુધવાર સમય : સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ | પિપરીયા | ૧૧ કેવી પિપરીયા-૫ | સમોસા વાડી ગલી, સચી પોલિમર, બાલાજી ઈન્ડ., હેમિલ્ટન રાઈટીંગ, સિદ્ધિવિનાયક પ્લાસ્ટિક, સાઈ ઈન્ડ., ગ્લેન્સ ઈન્ડ. |
| ૦૯/૦૭/૨૦૨૫ બુધવાર સમય : સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ | વાઘધરા | ૧૧ કેવી વાઘધરા ઈન્ડ.૮ | ઝીરો ટેક્સ ઈન્ડ., કોણાર્ક આઈ.ઈ., સ્પાન આઈ.ઈ. |
| ૧૧/૦૭/૨૦૨૫ શુક્રવાર સમય : સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ | વાઘધરા | ૧૧ કેવી વાઘધરા ઈન્ડ.૪ | લિસા પ્લાસ્ટિક, ડોર્ફ કેટલ, વાઘધરા ગામ રોડ, તિઘરા ગામ, બાવિસા ફળિયા, દાદરા રિસોર્ટ, ક્લાસિક બિલ્ડિંગ અને દાદરા ગાર્ડન વિસ્તારની નજીક |
| ૧૨/૦૭/૨૦૨૫ શનિવાર સમય : સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ | અથાલ | ૧૧ કેવી અથાલ-૭ | સ્વેબ્સ ટેપ્સ, પિરામિડ ટેકનો, ફોક્સ વાયર, એનએમસી ઈન્ડ, ફલુરો ફલોન, ઓરેન્જ ઈન્ડ, મોહન માર્બલ્સ, યુનિકોર્ન ફાઈબ્રો, પ્લોટ ફળિયા અથાલ |
| | દાદરા | ૧૧ કેવી દાદરા ઈન્ડ.૧૦ | સુરત ગલી, ઋષિકેશ ફિલામેન્ટ, સેન્ટેનલ ફેબ્રિક્સ, અભિજીત ઈન્ડ, શિલ્પા મશીનરી વિસ્તાર |
| | | ૧૧ કેવી દાદરા ઈન્ડ.૮ | ગ્લોમોર આઈ.ઈ., શ્રેયા સિન્થેટિક |

**અસુવિધા બદલ દિલગીર છીએ**



**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**

અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો અને સુરક્ષિત રહો

**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**

**આપની સેવા માં હરહંમેશ હાજર**

24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# વાપી વિસ્તારમાં શુક્રવારે મેઘરાજા મન મુકી વરસ્યા: સિઝનનો કુલ વરસાદ ૫૦ ઈંચને આંબી ગયો

**નિચાણવાળા તમામ વિસ્તારોમાં પાણી ફરીવળ્યા : નાનું ગરનાળુ અવર જવર માટે બંધ કરાયું**






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૪**

વાપી સહિત વલસાડ જિલ્લામાં ચોમાસા બરાબરની જમાવટ કરી દીધી છે. ચાલુ સપ્તાહે દિવસમાં બે-ચાર ઝાપટા સાથે વરસાદ વાપી શહેરમાં વરસતો રહ્યો હતો. સિઝનનો કુલ વરસાદ ૫૦ ઈંચને આંબી ગયો છે.

વાપીમાં હાલમાં ચાલી રહેલી અતિવૃષ્ટિને લઈ શહેરનું જનજીવન અત્યંત પ્રભાવિત બની ચૂક્યું છે. શહેરનો ભાગ્યે જ કોઈ રોડ કે વિસ્તાર બાકી નથી રહ્યો કે જ્યાં બેસુમાર વરસાદી પાણી ના ભરાયા હોય. પરિણામે વેપારીઓ, વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ ભારે વિષમ પરિસ્થિતિમાં મુકાઈ ચૂક્યો છે. હજુ તો અષાઢ મહિનો ચાલુ છે, ચોમાસાના વધુ ત્રણ મહિના બાકી છે છતાં પણ માત્ર એક મહિનામાં અડધો વરસાદ પડી ચૂક્યો છે. વાપી સહિત વલસાડ જિલ્લામાં એવરેજ સિઝનનો ૧૨૦ થી ૧૩૦ ઈંચ જેટલો વરસાદ વરસે છે. પણ આ વર્ષે પ્રથમ મહિને જ અડધો કોટા વરસાદે પૂરો કરી દીધો છે તેથી આગામી સમયે વરસાદ ભૂતકાળના રેકોર્ડ તોડી દે તેવો સ્પષ્ટ અણસાર વરતાઈ રહ્યો છે. ભારે વરસાદને લઈને રેલ્વેનું નાનુ ગરનાળું અવરજવર માટે બંધ કરી દેવાયું છે. મોટુ ગરનાળા ઉપર પણ સ્થિતિ વિષમ બની ચૂકી છે. એક તરફ વધુ વરસાદ અને બીજી તરફ તૂટી ચૂકેલા ખાડા પડી ગયેલા રોડ. આ વર્ષે વાહન ચાલકોને માથે તંત્રના પાપે થોપાયેલા નસીબ થયા છે.

# વાપી-વલસાડ વચ્ચેના નેશનલ હાઈવે ઉપર વરસાદી પાણી ફરી વળ્યા: નાના વાહનોની મુસાફરી જોખમી બની






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૪**

વલસાડ જિલ્લામાં મેઘરાજા લગાતાર છેલ્લા કેટલાક દિવસોથી બેસુમાર વરસી રહ્યા છે. પરિણામે અનેક રીતે પરિસ્થિતિ વિષમ તો ક્યાંક જોખમી પણ બની ચૂકી છે. જિલ્લાની મધ્યમાંથી પસાર થતો નેશનલ હાઈવે પણ બાકાત નથી. હાઈવે ઉપર ખિચોખીચ વરસાદી પાણી ભરાઈ ચૂક્યા છે. પરિણામે મંથર ગતિએ વાહન વહેવાર ચાલી રહ્યો છે.

નેશનલ હાઈવે ઓથોરિટીના પાપે ઠેર ઠેર તૂટી ચૂક્યો છે. પરિણામે ઠેર ઠેર બે થી પાંચ કે

**હાઈવે ઉપર પાણીથી ઠેર ઠેર પડેલા ખાડાઓને લઈ વાહન ચાલકોની સ્થિતિ કફોડી બની: ક્યારે વાહન પલટી મારી જાય તેનું નક્કી નહીં**

વધારે ફૂટના ખાડા પડી ચૂક્યા છે. જેને લઈને વાહનો પટકાવા સાથે ગંભીર અકસ્માતોનો સિલસિલો ચાલુ થઈ ચૂક્યો છે. છેલ્લા બે-ત્રણ દિવસથી વરસી રહેલા લગાતાર વરસાદને લઈને નેશનલ હાઈવે ઉપર ઠેર ઠેર પાણીના તળાવો સર્જાઈ ચૂક્યા છે. જે જોખમી નહી પણ જીવલેણ હોવાની કગાર ઉપર છે. મોટા કોમર્શિયલ વાહનો કાચબા ગતિએ ચાલી રહ્યા છે. કારણ કે મોટા ખાડામાં વાહન પટકાય તો ક્યારે પલટી પણ મારી જાય એ દહેશત સાથે વાહન ચાલકો હાઈવે ઉપર ચાલી રહ્યા છે. એક વર્ષ, બે વર્ષ કોઈપણ વર્ષ એવું નથી આવ્યું કે હાઈવે ટકાટક રહ્યો હોય. આ સ્થિતિ વર્ષોથી વાહન ચાલકોના માથે હજારોનો ટોલટેક્ષ લીધા પછી પણ થોપાયેલો છે. સૌથી વિશેષ કપરી સ્થિતિ કાર અને ટુવ્હિલર ચાલકોની વરસાદમાં બની ચૂકી છે. હાઈવે ઉપર ફરી વળી રહેલા પાણીમાં હનુમાન ચાલીસાના જપ સાથે જ વાહન હાંકવું પડે તેવી કરુણ વાસ્તવિકતા ઠેર ઠેર નજરાઈ રહી છે.

હાશ હવેથી... દર શનિવારે વલસાડ જિલ્લામાં

# ધો.૧ થી ૮ સુધીના વિદ્યાર્થીઓ ભાર વગરનું ભણતર ભણશે, સ્કૂલબેગ વગર સ્કૂલમાં જશે

**દર શનિવારે બેગલેશ ડે અને જોયફુલ સેટર ડે ની શાળામાં ઉજવણી થશે, ગુજરાત સરકારે નિર્ણય જાહેર કર્યો**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૪**

વલસાડ જિલ્લા સહિત ગુજરાત રાજ્યની તમામ સ્કૂલમાં ધો.૧ થી ૮ સુધીના વિદ્યાર્થીઓ પ્રત્યેક શનિવાર ભાર વગરનું ભણતર ભણશે વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ શનિવારે લઈ જવાની જરૂર નહી પડે. આ નિયમ ગુજરાત સરકારે તા.૧ જુલાઈથી અમલમાં મુકી દીધો છે. આવતી કાલે શનિવારથી અમલ શરૂ થઈ જશે. હવે સાચા અર્થે દફતર કે સ્કૂલ બેગના ભાર વગર સ્કૂલમાં જશે.

ભાર વગરના ભણતરની દિશામાં સરકારે પગલું ભર્યુ છે. પ્રત્યેક શનિવારે બાળકોએ સ્કૂલ બેગ દફતર વગર જ શાળામાં જવાનું રહેશે. વિદ્યાર્થીઓનો શિક્ષણ ભાર ઓછો કરવા માટે સરકારે નિર્ણય લીધો છે. દર શનિવારે બેગલેશ ડે જોય ફૂલ સેટર ડે ની શાળામાં ઉજવણી કરાશે. ડ્રોઈંગ, સંગીત, રમત ગમત, યોગા જેવી જોયફુલ પ્રવૃત્તિ શાળાઓમાં થશે. તેથી બાળકોના માનસમાં સુધારો થાય, બાળકો મોજ મસ્તીથી જોયફુલ સેટર ડે ની ઉજવણી કરશે. ભાર વગરના ભણતરનો વાસ્તવિક અમલ હવે વલસાડ જિલ્લાની શાળાઓમાં શનિવારે જોવા મળશે.

# નાનાપોંઢાથી ધરમપુર માર્ગ ઉપર ખાડાઓનું રાજ: કપરાડા ભાજપ પૂર્વ પ્રમુખ રમેશ ગાંવિત



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૪**

દક્ષિણ ગુજરાતના તટવર્તી અને આદિવાસી વસવાટવાળા વિસ્તારોમાં છેલ્લા કેટલાય વર્ષોથી રસ્તાની સમસ્યા કાયમી બની ગઈ છે. ખાસ કરીને નાનાપોંઢા થી ધરમપુર સુધીનો નેશનલ હાઈવે નં.૫૬ વરસાદ શરૂ થયા પછી જેવી સ્થિતિમાં હતો, આજ સુધી પણ કોઈ સુધારો જોવા મળ્યો નથી. સરકારના અનેક આદેશો છતાં પણ એક પણ ખાડો પૂરાયો નથી.

સ્થાનિક લોકો પાસે કોઈ વિકલ્પ નહોતો બચ્યો અને એટલે આજ લોકો પોતાના ઘરેથી પાવડા અને તાવડી લઈને ખુદ રસ્તા પર ખાડાઓ પૂરવાનો પ્રયત્ન કર્યો – એ જ દર્શાવે છે કે વ્યવસ્થાનું વલણ કેટલું નિષ્ક્રિય છે.

આ એનએચ-૫૬ માર્ગ કે જે નાનાપોંઢાથી સીધો ધરમપુર તરફ જાય છે, તે હવે એટલો ખરાબ બની ગયો છે કે લોકો હવે એ માર્ગ પરથી જવા બદલે ગ્રામ્યના રસ્તાઓ કે ફેરા લઈને જઈ રહ્યા છે. મુખ્ય માર્ગ પરથી ચાલવું કોઈના જીવ સાથે ચેડા સમાન બની ગયું છે.

રસ્તા પર અનેક ઊંડા ખાડા, જેમાં વરસાદી પાણી ભરાઈ જાય છે. વડ ખંભા વિસ્તાર પાસે પુલોની પરિસ્થિતિ જોખમભરી. મોટાપોંઢા, નાનાપોંઢા, વડ ખંભા, ધરમપુર સુધી સતત ડામર ઉભરાઈ ગયો છે. જનતા આજે વાયા કુરગામ, બારોલિયા, ઝરીયા થઈને ધરમપુર પહોંચે છે.

હમણાં જ્યારે હું - સંગઠનના પ્રમુખ તરીકે - વિવિધ અધિકારીઓ, ખાસ કરીને નેશનલ હાઈવે વિભાગના જવાબદાર અધિકારીઓને ફોન કરવાનો પ્રયત્ન કરું છું ત્યારે કોઈ પણ જવાબ આપતો નથી. કોઈ પણ અધિકારી મળવાનું તો દૂર રહી ગયું, તેઓ ફોન પણ ઉઠાવતા નથી.

આ માર્ગ પર ખૂબજ મૂસાફરી થતી હોવા છતાં, આ વિસ્તારમાં રહેતા લોકો ''આદિવાસી'' હોવા છતાં, તેમને સતત અવગણવામાં આવે છે. આ પ્રદેશ પણ ભારતનો જ ભાગ છે અને અહીંના લોકોને પણ યોગ્ય માર્ગ સુવિધાનો અધિકાર છે. વડોદરા સુધીના નેશનલ હાઈવે તાબડતોબ બની જાય છે, તો પછી આદિવાસી વિસ્તારના માર્ગ પર યથાવત અવગણના કેમ?

ગણદેવીના ખાપરિયા (બીલીમોરા) ગામ અને સમગ્ર માહ્યાવંશી સમાજનું ગૌરવ

# રાજ જીતેશકુમાર રાઠોડની ઈન્ડિયન એર ફોર્સના ફલાયિંગ ઓફિસર તરીકે નિયુક્તિ થઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૪**

પિતા શ્રી જીતેશકુમાર પ્રભુદાસ રાઠોડ અને માતા શ્રીમતી કૈલાશબેન રાઠોડના સુપુત્ર રાજ માહ્યાવંશી સમાજના પહેલા અને ગણદેવી તાલુકાના પ્રથમ ઈન્ડિયન એર ફોર્સ (વાયુ દળ)ના ફલાયિંગ ઓફિસર તરીકે ૨૩ વર્ષની ઉંમરમાં બેંગલોર ખાતે નિયુક્ત થયા છે.

રાજ રાઠોડ ઘાટકોપર મુંબઈમાં અણુ શક્તિ નગરની સ્કૂલમાં અભ્યાસ કરી સોમૈયા કોલેજથી કોમ્પ્યુટર સાયન્સમાં બી.ટેક એન્જિનિયર થઈ યુ.પી.એસ.સી.ની એક્ઝામ પાસ કરી હૈદરાબાદથી ઈન્ડિયન એર ફોર્સ એકેડેમીથી ફલાયિંગ ઓફિસરની સખત ટ્રેનિંગ લઈ પ્રથમ પ્રયાસમાં ફલાયિંગ ઓફિસર તરીકે પાસ કરી ૧૪મી જૂન ૨૦૨૫માં ૨૩ વર્ષની ઉંમરે

**રાજ રાઠોડે કોમ્પ્યુટર સાયન્સમાં બી.ટેક એન્જિનિયર થઈ યુપીએસી પાસ કરી હૈદરાબાદથી ઈન્ડિયન એર ફોર્સ એકેડેમીથી ફલાયિંગ ઓફિસરની સખત ટ્રેનિંગ લઈ પ્રથમ પ્રયાસમાં પાસ થઈ ૨૩ વર્ષની ઉંમરે ફલાયિંગ ઓફિસર તરીકે બેંગલોર ખાતે નિયુક્ત થયા**

ઈન્ડિયન એર ફોર્સમાં ફલાયિંગ ઓફિસર (પાયલોટ)તરીકે બેંગલોર ખાતે નિયુક્ત થયા છે.

જે સમગ્ર સમાજ માટે ખૂબ ગૌરવ અનુભવે છે. રાજના પિતા શ્રી જીતેશકુમાર બોમ્બે ખાતે ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (બી.એ.આર.સી.)માં જોબ કરે છે અને માતા શ્રીમતી કૈલાશબેન વિલે પાર્લા ખાતે પોસ્ટ ઓફિસમાં સુપરવાઈઝર તરીકે જોબ કરે છે અને પિયર નવસારીના પરથાણ ગામના છે. અને રાજના મોટાભાઈ શ્રી આદર્શ રાઠોડ પુનામાં ઈલેક્ટ્રિકલ એન્જિનિયર તરીકે ફરજ બજાવે છે.

રાજે રાઠોડ ફેમિલી માટે તો ગૌરવ અપાવ્યું છે પણ માહ્યાવંશી સમાજ અને ખાપરિયા ગામનું પણ નામ રોશન કર્યું છે. રાજ રાઠોડને સમાજ વતી માહ્યાવંશી કલ્યાણ ટ્રસ્ટ (એમ.કે.ટી.) શ્રી ભૂપેન્દ્ર સુરતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

# ધરમપુરના મોટી, નાની ઢોલડુંગરી, ખટાણા રાજપુર જેવા ગામોના વિદ્યાર્થીઓ પાસે પાસ હોવા છતાં એસ.ટી ભાડું વસુલે છે: : ધરમપુર ડેપો મેનેજરને વિદ્યાર્થીઓએ કરેલી રજૂઆત

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા. ૦૪**

આજરોજ તા. ૦૪/૦૭/૨૦૨૫ ના દિને ધરમપુર તાલુકાના કરંજવેરી, મોટીઢોલ ડુંગરી, ખટાણા, રાજપૂર તલાટ, વિરવલ, નાની ઢોલડુંગરી ખાતે બસ ન ઉભી રાખવું અને પાસ હોવા છતાં ભાડુ લેવામાં આવતું હોઈ જે બાબતે વિદ્યાર્થીઓને પડતી તખલીફ બાબતે ડેપો મેનેજર શ્રી ધરમપુરને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી અને ધરમપુર ડેપો મનેજરશ્રી દ્વારા પણ વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખીને આ રૂટ પર આવતી બસોના ડ્રાઈવર કન્ડકટરને આજથી જ બસ ઉભી રાખવા અને કોઈ પણ પાસ વાળા વિદ્યાર્થીઓ પાસેથી ટિકિટ ન લેવા સૂચના આપવામાં આવ છેની વાત કરવામાં આવી હતી.

હાલે વરસાદના કારણે અને વહીવટી તંત્રની બેદરકારીના કારણે કરંજવેર ગામથી પસાર થતી માનનદીનો પુલ પર ગાબડું પડવાને કારણે મોટા વાહનો આ રોડ પર બંધ કરવામાં આવેલ હોય જેના કારણે હાલે બસો કરંજવેરી થઈ મોટી ઢોલડુંગરી, ખટાણા ફાટક, રાજપૂર તલાટ, વિરવલ, નાની ઢોલડુંગરી થઈ ધરમપુર ડેપો ખાતે આવે છે જેથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ કરેલ રજૂઆત કે આરૂટ પરથી જતી બસો ઉભી રાખતા નથી અને ઉભી રાખે અને એ બસમાં જઈએ તો પાસ હોવા છતાં ટિકિટ કાઢવા કેઈ છે અને ટિકિટનું ભાડુ એક ટાઈમનું ૧૧/- રૂપિયા અને આવવા જવાના ૨૨/-રૂપિયા થાય તો મહિનાના ૫૭૨/- રૂપિયા થાય તો આમારા આદિવાસી લોકો મજૂરી કરીને માંડ જીવતા હોઈ છે અને જેમ તેમ પાસ કાઢીને બાળકોને ભણવા મોકલે છે તો ભાડુ કઈ રીતે ભરી શકે વહીવટી તંત્ર દ્વારા સમય પર કાળજી નહી રાખવાના કારણે પુલ પર ગાબડું પડ્યું છે અને બસો ડાઈવર્ટ કરવામાં આવી છે એમાં વિદ્યાર્થીઓનો શું વાંક ?

જેથી વિદ્યાર્થીઓના અભ્યાસના હિતને ધ્યાનમાં રાખીને આ રૂટથી જતી બસોના ડ્રાંઈવરોને બસ ઉભી રાખવામાં માટે સૂચના આપવામાં આવે અને વહીવટી તંત્રની ભૂલના કારણે બસ ડાઈવર્ટ કરવામાં આવી છે જેથી આ કરંજવેરી મોટી ઢોલડુંગરી, ખટાણા રાજપૂર તલાટ, વિરવલ, નાની ઢોલડુંગરી ગામોના વિદ્યાર્થીઓ કે જેમની પાસે પાસ હોઈ એમની પર ભાડુ ન લેવામાં આવે એવી વિદ્યાર્થીઓ વતી માગ કરવામાં આવી. અને જો વિદ્યાર્થીઓની આ માંગણી તાત્કાલિક સ્વીકારવામાં ન આવે તો આગામી દિવસોમાં વિદ્યાર્થીઓ અને એમના વાલીઓ સાથે સંકલન કરી બસ રોકો આંદોલન કરવામાં આવશે જેની સંપૂર્ણ જવાબદારી વહીવટી તંત્રની રહેશેની વાત કરવામાં આવી હતી.

# વલસાડ ''સખી'' વન સ્ટોપ સેન્ટરે સાસરે થી વાપી પિયર આવી ગયેલી પરિણીતાને ફરી સાસરે વળાવી સમાધાન કરાવ્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૪**

વલસાડ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા નવસારીના બીલીમોરાની એક મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર પર લાવવામાં આવી હતી, તેમને આશ્રયની જરૂરીયાત હોવાથી હંગામી ધોરણે આશ્રય આપવામાં આવ્યો હતો. જીવન જરૂરીયાતની ચીજ-વસ્તુ આપવામાં આવી હતી. તબીબી મદદની જરૂરીયાત હોવાથી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી. અરજદાર મહિલાનું કાઉન્સેલીંગ કરતાં તેણે જણાવ્યું કે, બે મહિના પહેલા તેમના પતિ સાથે કોઈક વાતને લઈને ઝઘડો થતા તેમના પતિ દ્વારા ખુબ માર મારવામાં આવ્યો હતો. સાસરા પક્ષ દ્વારા પણ શારીરિક, માનસિક ત્રાસ આપવામાં આવે છે. જેથી પિતા સાથે વાપી ખાતે પિયર રહેવા આવી ગઈ હતી. પિયરમાં આવ્યા બાદ સાસરા પક્ષે દીકરા સાથે વાત પણ કરવા દેતા ન હતા અને મળવા પણ દેતા ન હતા. પરિણીતાને સાસરે લઈ જવાની પણ ના પાડતા હતા તેથી તેમણે સખી વન સ્ટોપ સેન્ટરની મદદ લીધી હતી. સેન્ટર દ્વારા તેમના પતિ અને સાસુ-સસરાને બોલાવવામાં આવ્યાં હતા અને તેમનું કાઉન્સેલીંગ કરવામાં આવ્યું હતું. જેમાં તેઓ વચ્ચે થતા ઝઘડાનું સમાધાન કરાવવામાં આવ્યું હતું. સમાધાન થયા બાદ સાસરા પક્ષ તેમની વહુને રાજી ખુશીથી તેમની સાથે લઈ ગયો હતો. બંને પક્ષોએ હર્ષની લાગણી અનુભવી અને સેન્ટરનો આભાર વ્યક્ત કર્યો હતો. આમ, સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા પરિવારને તૂટતો બચાવવામાં આવ્યો હતો.



ઉલ્લેખનીય છે કે, વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી અંતર્ગત કાર્યરત ''સખી'' વન સ્ટોપ સેન્ટરમાં તબીબી સહાય, કાયદાકીય સહાય, પોલીસ સહાય, કાઉન્સેલીંગ તેમજ હંગામી ધોરણે આશ્રય, પ્રી-મેરેજ અને પોસ્ટ મેરેજ કાઉન્સેલીંગ જેવી વિવિધ પ્રકારની સેવાઓ પુરી પાડવામાં આવે છે.